RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 249 Dt. 31-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# દિલ્હીના CM આતિષી કામચલાઉ : વકર્યો વિવાદ

## લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આમ આદમી પાર્ટી ના સંયોજક અરવિંદ કેજરીવાલની કરી ટીકા : બહુવિધ વિભાગોની જવાબદારી નિભાવવામાં આતિશીના પ્રયત્નોની પ્રશંસા

નવીદિલ્હી, તા. ૩૦

લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ સોમવારે આમ આદમી પાર્ટી ના સંયોજક અરવિંદ કેજરીવાલની ટીકા કરી હતી કારણ કે તેમણે દિલ્હીના મુખ્ય પ્રધાન આતિષીને નવા વર્ષની શુભેચ્છાઓ મોકલી હતી અને કહ્યું હતું કે કેજરીવાલે તેમને કામચલાઉ મુખ્ય પ્રધાન તરીકે ગણાવીને તેઓ 'દુઃખી' છે. કેજરીવાલ સાથે તેમના અત્યાર સુધીના કાર્યકાળની તુલના કરતા, જેમણે તેમના જણાવ્યા મુજબ, ''ન તો એક પણ સરકારી વિભાગ સંભાળ્યો હતો અને ન તો તેમણે કોઈ ફાઇલ પર હસ્તાક્ષર કર્યા હતા'', એલજી સક્સેનાએ ''બહુવિધ વિભાગોની જવાબદારી નિભાવવામાં'' આતિશીના પ્રયત્નોની પ્રશંસા કરી હતી કારણ કે તેણે આગ્રહ કર્યો હતો કેજરીવાલ માટે તેમને ''કામચલાઉ મુખ્યમંત્રી'' કહે તે વાંધાજનક હતું.



તમે સીએમ તરીકે શપથ લીધા પછી આ પ્રથમ વખત છે કે મેં મારા અઢી વર્ષના કાર્યકાળ દરમિયાન કોઈને આ પદ પર કામ કરતા જોયા છે. જ્યારે તમારા પુરોગામી પાસે ન તો એક પણ વિભાગ હતો અને ન તો તેમણે કોઈ ફાઇલ પર સહી કરી હતી, ત્યારે લેફ્ટનન્ટ ગવર્નરે અઅઙ કન્વીનરની ટિપ્પણીઓને 'વાંધાજનક' ગણાવી હતી જેમાં તેમણે તેમને 'કામચલાઉ મુખ્યમંત્રી' કહ્યા હતા. તેમણે કહ્યું કે આનાથી માત્ર તેમને જ દુઃખ થયું નથી પરંતુ ભારતના રાષ્ટ્રપતિનું 'અનાદર' પણ દર્શાવવામાં આવ્યું છે, જેમની સત્તા દ્વારા તેમને આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે અને રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે પણ તેમનો અનાદર દર્શાવવામાં આવ્યો છે.

અસ્થાયી અથવા કાર્યકારી મુખ્યમંત્રીની નિમણૂક અંગે કેજરીવાલની જાહેર સમજૂતીમાં કોઈ બંધારણીય જોગવાઈ નથી અને તે બાબા સાહેબ આંબેડકર દ્વારા લખાયેલા બંધારણમાં સમાવિષ્ટ લોકતાંત્રિક ભાવના અને મૂલ્યોની પણ નિંદનીય અવગણના છે.લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ વધુમાં કહ્યું કે, જે સંજોગોમાં તમને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે, તે સ્પષ્ટ છે કે ૩-૪ મહિનામાં તે બધી ખરાબ બાબતોને સુધારવી કેટલી શક્ય છે, પરંતુ તેમ છતાં આ તમામ ક્ષેત્રોમાં નિષ્ફળતાની જવાબદારી તમારી રહેશે. તમારી જવાબદારી ગણી. તેમણે કહ્યું કે, કેજરીવાલે જે રીતે તમારી હાજરીમાં મુખ્યમંત્રીના નામે વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓને લગતી યોજનાઓની અનધિકૃત રીતે હવાઈ જાહેરાત કરી, તેનાથી મુખ્યમંત્રી અને મંત્રી પરિષદના પદની ગરિમાને કલંકિત કરી છે.

એલજી વીકે સક્સેનાએ કહ્યું કે, કોઈપણ આધાર વગર કેજરીવાલ જાહેરમાં કહી રહ્યા છે કે ટ્રાન્સપોર્ટ વિભાગ અને અન્ય તપાસ એજન્સીઓ તમારી તપાસ કરશે અને તમને જેલમાં મોકલશે. એટલું જ નહીં, આવા નિવેદનો એ પણ સૂચવે છે કે તમને તમારા હેઠળ કામ કરતા વિભાગોની પ્રવૃત્તિઓ વિશે કોઈ જાણકારી નથી. વાસ્તવમાં આજે અખબારના માધ્યમથી એ વાત પણ સામે આવી છે કે, વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવે ખુદ તમને પત્ર લખીને જાણ કરી છે કે ન તો તેઓ કે તકેદારી વિભાગ આવી કોઈ કાર્યવાહી કરી રહ્યું છે અને ન તો આવું કરવાની કોઈ વાત છે. તેમણે કેજરીવાલના નિવેદનોને તથ્ય-મુક્ત અને ભ્રામક ગણાવીને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

# BPSC પરીક્ષા માટે હજારો કરોડ થયા વ્યવહારો : પ્રશાંત કિશોર

## મામલો ઉકેલવા નીતિશ સરકારને અપાયો ૪૮ કલાકનો સમય : ઉકેલ નહીં આવે તો વધશે વિરોધ

નવીદિલ્હી, તા. ૩૦

જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે સોમવારે દાવો કર્યો હતો કે BPSC પરીક્ષા દ્વારા ભરવાની જગ્યાઓ માટે હજારો કરોડ રૂપિયાના વ્યવહારો થયા છે. તેને આ અંગેની માહિતી ક્યાંકથી મળી હતી. મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા આંદોલન અંગે એક પણ શબ્દ ન બોલવા પર નિરાશા વ્યક્ત કરતા પ્રશાંત કિશોરે કહ્યું કે, હું પણ નીતિશ કુમારનો નજીકનો સહયોગી હતો. કિશોરે કહ્યું કે, પોલીસે લાઠીચાર્જ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હોવા છતાં ઉમેદવારો વિરોધ કરી રહ્યા છે. મુખ્યમંત્રી દિલ્હીમાં છે અને જ્યારે ત્યાંના પત્રકારોએ આંદોલન અંગે પ્રશ્નો પૂછવા તેમનો સંપર્ક કર્યો ત્યારે તેમણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો.

પ્રશાંત કિશોરે એક દિવસ પહેલા વિરોધીઓને સંબોધિત કરતા કહ્યું હતું કે, ચાલો મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવેદનની રાહ જોઈએ, જે મડાગાંઠનો અંત લાવી શકે તેવું સ્ટેન્ડ લઈ શકે છે, પરંતુ મુખ્યમંત્રી મૌન રહ્યા. રાજકારણમાં પીકે તરીકે જાણીતા પ્રશાંત કિશોરે દાવો કર્યો હતો કે BPSC પુનઃપરીક્ષાનો આદેશ આપી રહ્યું નથી કારણ કે કરોડો રૂપિયાની લેવડદેવડ થઈ ચૂકી છે. એવું વિરોધીઓનું માનવું છે.

BPSC દ્વારા ૧૩ ડિસેમ્બરે ૯૦૦ થી વધુ કેન્દ્રો પર આયોજિત સંયુક્ત પ્રવેશ સ્પર્ધાત્મક પરીક્ષા, ૨૦૨૪ માં લગભગ ૫ લાખ ઉમેદવારોએ હાજરી આપી હતી. પટનામાં એક પરીક્ષા કેન્દ્ર પર સેંકડો ઉમેદવારોએ પ્રશ્નપત્ર લીક થયાનો આરોપ લગાવીને પરીક્ષાનો બહિષ્કાર કર્યો હતો, જેને BPSCએ નકારી કાઢ્યું હતું અને તેને ''પરીક્ષા રદ કરવાનું કાવતરું'' ગણાવ્યું હતું, જોકે, પાછળથી પંચે પટનામાં બાપુ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાનું આયોજન કર્યું હતું પરીક્ષા રદ કરવામાં આવી હતી અને ફરીથી પરીક્ષા લેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સોમવારે, કિશોરે સીએમ નીતિશ કુમારની આગેવાની હેઠળની રાજ્ય સરકારને આ મામલાને ઉકેલવા માટે ૪૮ કલાકનું અલ્ટિમેટમ જારી કર્યું, અન્યથા વિદ્યાર્થીઓ વધુ તીવ્રતા સાથે વિરોધ ફરી શરૂ કરશે. હાલ માટે, અમારા યુવા વિદ્યાર્થી ઓનું ભાવિ ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ, અમે પછીથી રાજકારણની રમત રમી શકીએ છીએ.



# ખેતીની જમીનના રેકોર્ડમાં ક્ષતિઓ દૂર કરવા એક વર્ષની અવધી

## રાજ્યના ૩૩ જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ક્ષતિ દૂર કરવા થશે અરજી

રાજકોટ, તા. ૩૦

રાજ્યમાં ખેતીની જમીનના રેકોર્ડ રીસર્વે પ્રમોલગેશનની ક્ષતિઓ દૂર કરવા અરજી માટેની તારીખ લંબાવવામાં આવી છે. એક વર્ષ સુધી તારીખ લંબાવવામાં આવી છે. હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ક્ષતિ દૂર કરવા માટેની અરજી કરી શકાશે. રાજ્યના ૩૩ જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ છે. જોકે ખેતીની જમીનમાં રિસર્વેની કામગીરીમાં અનેક પ્રકારની ભૂલો સામે આવી હતી. ખેડૂતોના ભારે વિરોધ બાદ ક્ષતિ સામે વાંધા અરજી કરવાની રાજ્ય સરકારે મુદત આપી હતી. જોકે આ મુદ્દત દરમિયાન પણ સંપૂર્ણ ક્ષતિ જો સામે વાંધા અરજી કરવામાં રહી ગયા હોય તેમને તક આપવામાંઆવી છે. રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા આ પરિપત્ર કરાયો.

ગુજરાતમાં વિકાસ અને ખેતીની જમીનમાં બિનખેતી- ગઅ રૂપાંતરણ તેમજ જમીનમાંથી પૈકી અથવા તો હિસ્સાના વેચાણને તબક્કે પ્રોપર્ટીકાર્ડ ઝડપી જનરેટ થઈ શકે, દૂરસ્તી કમી જાસ્તી પ્રત્રક - ઊંઉંની કાર્યવાહી થઈ શકે તેવા ઉદ્દેશ્યથી મહેસૂલ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે.જમીનમાં હિસ્સા માપણીની અરજી 'અરજન્ટ' ગણી તેમાં ફી રિસિપ્ટ જનરેટ થયાથી ૨૧ દિવસમાં જ માપણી પૂર્ણ કરવા અથવા એવી અરજીનો નિકાલ કરવા આદેશ થયો છે.મહેસૂલ વિભાગના નાયબ સચિવ પ્રેરક પટેલની સહીથી પરિપત્રનો તમામ કલેક્ટર તેમજ જમીન માપણી દફતર અધિકારીઓને અમલ કરવા કહેવાયુ હતુ.

કલેકટર કચેરી ખાતે જો આ પ્રકારની અરજી મળે તો આવી અરજી મળ્યા પછી સંબંધિત કલેકટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે. રાજ્યના જે ખેડૂતોની જમીનો પ્રોજેક્ટ્સમાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે એ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શકેલા ખેડૂતો કે જે ખેડૂત મટી ગયા છે તેમને મુખ્યમંત્રીના આ નિર્ણયના પરિણામે ખેતી કરવાનું પ્રોત્સાહન મળશે.સરકાર દ્વારા જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું કે, રાજ્યમાં ખેતીની જમીન રીસરવે માટે ડિઝીટલ ઈન્ડિયા લેન્ડ રેકર્ડ્ઝ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (ઉઈકછઅઙ) હેઠળ ખેતીની જમીનની માપણી કરી પ્રમોલગેશન કરવાની કામગીરી કુલ ૩૩ જિલ્લામાં હાથ ધરવામાં આવેલ છે. પ્રમોલગેશન પછી રીસરવે રેકર્ડમાં ખાતેદારો દ્વારા રેકર્ડની ક્ષતિઓ સુધારવાની રજુઆતો આવે છે. કાયદાકીય જોગવાઈ હેઠળ પ્રમોલગેશન પછી રેકર્ડમાં ક્ષતિઓ સુધારવા નારાજ અરજદારે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૨૦૩ હેઠળ અપીલ કરવાની જોગવાઈ છે.



### નગરો-મહાનગરો સહિત શહેરી ક્ષેત્રના સમ્યક વિકાસનો મુખ્યમંત્રીનો અભિગમ

# રાજકોટ સહિત ૧૭ નગરપાલિકાઓ ૭ મનપાના વિકાસ માટે ૧૦૦૦ કરોડ : CM

## ૭ મહાનગરપાલિકાઓ ગાંધીનગર, અમદાવાદ, જુનાગઢ, રાજકોટ, વડોદરા, જામનગર અને ભાવનગર જ્યારે ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોમાં ભાવનગર, વડોદરા અને જામનગરને મળશે લાભ

રાજકોટ, તા. ૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમ્યક શહેરી વિકાસની નેમ સાકાર કરતાં રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને 'ક' તથા 'ડ' વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ રૂ. ૧૦૦૦.૮૬ કરોડ ફાળવવાની એક જ દિવસમાં મંજૂરી આપી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વર્લ્ડ ક્લાસ ડેવલોપમેન્ટને પરિણામે વધતા જતા વ્યાપાર-ઉદ્યોગને કારણે વધી રહેલા શહેરીકરણ અને શહેરોમાં ઉત્તરોત્તર વધતી જન સંખ્યાની સુવિધા સુખાકારી માટે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે આ યોજનાની સફળતાને પગલે ૨૦૨૬-૨૭ સુધી તેને ચાલુ રાખી છે.

મુખ્યમંત્રીએ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત આ ૧૦૦૦.૮૬ કરોડ રૂપિયાના બહુવિધ કામો માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧.૩૭ કરોડ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બોરાઈ નગરપાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુકશાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઈ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગરપાલિકાઓ જુનાગઢને રૂ. ૨૫ કરોડ, જામનગરને રૂ. ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને રૂ. ૫૪.૮૮ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકમાં ૭૦:૨૦:૧૦ના ફાળા સાથે ખાનગી સોસાયટીઓમાં પેવર બ્લોક, ઘરગટર જોડાણ, પાણીની પાઈપલાઈન નાખવા જેવા વિવિધ કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ આઉટગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ અન્વયે નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તારોને અડીને આવેલા વિસ્તારોમાં સી.સી. રોડ, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપલાઈન, ડામર રોડ બનાવવા જેવા કામો માટે જુનાગઢ અને ભાવનગર, રાજકોટ મહાનગરપાલિકા ઉપરાંત ચોટીલા, ધાનેરા, દહેગામ, ભરૂચ અને પાલનપુર નગરપાલિકાઓને કુલ મળીને ૧૪૮.૧૧ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.

નગરો-મહાનગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટીઝ - આંતરમાળખાકીય સુવિધાના કામો અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રોડ રસ્તા, ગાર્ડન, સ્કૂલ-કોલેજ બિલ્ડીંગ્સ, સ્લમ વિસ્તારના કામો, ટ્રાફિક મેનેજમેન્ટ વ્યવસ્થાના કામો, ભૂગર્ભ ગટર, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન સહિતના કામો હાથ ધરવામાં આવે છે.

મુખ્યમંત્રીએ આ અન્વયે સમગ્રતયા ૬૧૧.૩૯ કરોડના વિવિધ કામો મંજૂર કર્યા છે. આ કામોમાં અમદાવાદ મહાનગરપાલિકાને ૩૬.૨૭ કરોડ સ્ટોર્મ વોટર લાઈન માટે, ભાવનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને ૧૮.૨૭ કરોડ અને ઊંઝા નગર પાલિકાને ૪.૭૦ કરોડ મંજુર થયા છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૫૧.૭૨ કરોડ તથા જામનગર, ભાવનગર મહાનગરપાલિકાને અનુક્રમે રૂ. ૨૪૫.૪૮ કરોડ અને ૨૪૬.૬૦ કરોડ તથા જુનાગઢ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને રૂ. ૮.૩૫ કરોડ મંજુર થયા છે તથા રાધનપુરમાં પાણી પુરવઠાના કામો માટે રૂ.૪૧.૩૪ કરોડને અનુમતિ આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરો મહાનગરોની આગવી ઓળખના કામોમાં હેરિટેજ એન્ડ ટુરીઝમ, પ્રદર્શન હોલ, ટ્રાફિક સર્કલ આઈલેન્ડ, વોટર બોડી એન્ડ સ્કેપિંગ, ગાર્ડન એન્ડ એમ્યુઝમેન્ટ પાર્ક જેવા કામો માટે નાણા ફાળવણી કરવામાં આવે છે.

તદઅનુસાર થરા નગરપાલિકાને ગાર્ડન એન્ડ એમ્યુઝમેન્ટ પાર્ક માટે ૪ કરોડ રૂપિયા મુખ્યમંત્રીશ્રીએ મંજુર કર્યા છે. આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૬૧,૯૭૭ કરોડ રૂપિયાનું બજેટ પ્રાવધાન થયેલું છે.

આ બજેટ પ્રાવધાન અન્વયે રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને આંતરમાળખાકીય વિકાસના ૬૭,૩૬૦ કામો મંજૂર કરીને રૂ. ૩૨,૬૪૭ કરોડ ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે .મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત મહાનગરો-નગરો મળી કુલ ૬૪૬૨ કામો માટે રૂ. ૩૧૧૦.૩૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારના ૧૨૧૪ કામો માટે રૂ. ૧૮૮૭.૫૬ કરોડ ચૂકવવામાં આવેલા છે. એટલું જ નહીં, આગવી ઓળખના ૨૦૧ કામો માટે રૂ. ૧૫૯૧.૧૧ કરોડની ગ્રાન્ટ મુખ્યમંત્રીએ મંજૂર કરી છે. નગરો, મહાનગરોમાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાના ૪૩,૮૦૪ કામોને મંજૂરી આપીને રૂ. ૨૪૩૧.૫૧ કરોડની ગ્રાન્ટ આવા લોકહિત કામો માટે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે.

ઝીણી મોટી વાતે ક્રોધીત થઇ તૂટી પડતો માણસ કોઇના પરિવારના માળા વીંખેરી નાંખે છેઃ વધુ બે હત્યા

# છુટાછેડા માટે નાણા માંગતા મામાજીને જમાઇએ છરી ભોંકી મોત દીધું!

## સામાન્ય બોલચાલી થઇ એમાં એક યુવાને પોતાના જ મિત્રના ભાઇને છરીના ઘા ઝીંકી રહેંસી નાંખ્યોઃ બંને ઘટનામાં પોલીસે આરોપીઓને દબોચી લીધા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૦**

રાજકોટઃ નાની મોટી વાતે એક બીજાને પતાવી દેવાની ઘટનાઓ પણ રાજ્યમાં રોજીંદી બની ગઇ છે. હત્યાની વધુ બે ઘટના બની છે. જેમાં એક યુવાન પાસે છુટાછેડા માટે દસ લાખની માંગણી કરવામાં આવતી હોઇ કંટાળી ગયેલા આ યુવાને રૂપિયા માંગી રહેલા પોતાના મામાજીને છરીના ઘા ઝીંકી મોત આપી દીધુ હતું. હત્યાના આ ગુનામાં પોલીસે આરોપીને તુરંત દબોચી લીધો હતો. હત્યાની બીજી ઘટનામાં સામાન્ય ઝઘડામાં એક યુવાને પોતાના જ મિત્રના ભાઇને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેની હત્યા થઇ તેની પત્નિ સગર્ભા હોઇ કલ્પાંત સર્જાયો હતો.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વેજલપુર વિસ્તારમાં બન્યો છે. જેમાં ભાણીના છુટાછેડા માટે રૂપિયા દસ લાખની માંગણી કરીને હેરાન પરેશાન કરતા હોવાથી કંટાળીને યુવકે વૃદ્ધને છરીના ઘા ઝીંકી દીધા હોવાનું સામે આવ્યું છે.વર્ષ ૨૦૨૩માં મૃતક વૃદ્ધ તેના સગાની દીકરીઓ સાથે આરોપી અને તેના ભાઇના લગ્ન કરાવ્યા હતા. વધુ માહિતી અનુસાર વેજલપુરમાં આવેલ ગુલજારપાર્ક સોસાયટી પાસે ખુની ખેલ ખેલાયો હતો.જેમાં ઇમરાન કુરેશી નામના યુવકએ સાન મોહમ્મદ કુરેશી નામના વૃદ્ધને ગળા, છાતી અને પેટની નીચેના ભાગે છરીના ઘા ઝીંકીને હત્યા કરી દીધી હતી. સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતાં વેજલપુર પોલીસ ઘટનાસ્થળ પર પહોચી હતી. આરોપી ઇમરાનએ મૃતક સાથે પહેલા બોલાચાલી ઝઘડો કર્યો હતો. અને બાદમાં તેને છરીના ઘા મારી દીધા હતાં.આ બારામાં પોલીસ સુત્રોએ વધુમાં જણાવ્યા અનુસાર હત્યાનો ભોગ બનનાર શાન મોહમ્મદએ બે વર્ષ પહેલા ઇમરાન કુરેશી અને તેના ભાઇ ફુરકાન કુરેશીના લગ્ન શેવાલીયા ગામ ખાતે રહેતા તેમના સંબંધીની દીકરીઓ સાથે કરાવ્યા હતા. લગ્નના આશરે બે મહીના બાદ બંન્ને ભાઇઓને પત્ની સાથે મનમેળ ના આવતા બંન્ને બહેનો પિયરમાં રહેવા માટે જતી



રહી હતી. જે અંગે સમાધાનની પણ વાતચીત ચાલતી હતી. એકાદ વર્ષ પહેલા પણ ઇમરાનએ મૃતક સાથે આ બાબતને લઇને બોલાચાલી ઝઘડો કર્યો હતો અને મૃતકને લાફો પણ મારી દીધો હતો. પરંતુ જે તે સમયે કોઇ પોલીસ ફરીયાદ નોંધાવી ના હતી. બાદમાં તેણે મૃતક સાથે બોલાચાલી ઝઘડો કરીને હત્યાના બનાવને અંજામ આપ્યો છે. જો કે બીજી તરફ મૃતક આરોપીની પત્નિના મામા થતા હોવાથી તે છુટાછેડા માટે રૂપિયા દસ લાખની માંગણી કરતા હતાં. અને તેમના ત્રાસના કારણે તેણે આ હત્યા કરી હોવાનું આરોપીનું કહેવું છે. હાલમાં પોલીસે આ સમગ્ર મામલે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હતી. હત્યાની બીજી ઘટના વડોદરામાં બની હતી. જેમાં નવાપુરા વિસ્તારમાં આવેલા જયરત્ન બિલ્ડિંગ પાસે બે મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં પિતરાઇ ભાઇએ વચ્ચે પડીને બંનેને છૂટ્ટા પાડીને શાંત પડાવવાનો પ્રયાસ કરતા જીવ ગુમાવ્યો. પિતરાઈ ભાઈને બચાવવામાં તેના મિત્રને ડોલ વાગી ગઇ. જેથી, ઉશ્કેરાઈને મિત્રએ મિત્રના પિતરાઈ ભાઈને છરીના ઘા ઝિંકી દીધા હતા. આ અંગે પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નવાપુરા વિસ્તારમાં રહેતા નિતિન ધર્મેન્દ્રભાઇ રાજપૂત જયરત્ન બિલ્ડિંગ પાસે પોતાના પિતરાઇ ભાઇ સંતોષ રાજપૂત સહિતના મિત્રો સાથે બેઠો હતો. તે દરમિયાન સંતોષ અને નીલેશ નામના બે મિત્રો વચ્ચે નાણાંની લેતી બાબતે બોલાચાલી થઈ હતી. આ સમયે નિતીન રાજપુત પોતાના મોટા ભાઈ સંતોષ અને તેના મિત્ર નિલયને છોડાવવા માટે વચ્ચે પડ્યો હતો.

ત્યારબાદ વાતવાતમાં બંને વચ્ચે થયેલો ઝઘડો વધારે ઉગ્ર બની ગયો હતો. તે દરમિયાન હાર્દિક ઉર્ફે કપિલ નામનો શખસ પણ છોડાવવા વચ્ચે પડ્યો હતો.આ માથાકુટ દરમિયાન છોડાવવા માટે વચ્ચે પડેલા મિત્ર કપિલ નામના યુવકને ડોલ વાગી જતા યુવક ઉશ્કેરાયો હતો. આ દરમિયાન ઝઘડો કરનાર સંતોષ રાજપૂત સ્થળ પરથી જતો રહ્યો હતો. જેથી, નિતીન રાજપુત એકલો હોય ત્યારે કપિલ તેના ઘરમાં ગયો હતો અને છરી લઇને ધસી આવ્યો હતો અને નીતિન પર હુમલો કર્યો હતો. જેથી લોહીલુહાણ હાલતમાં નિતિન રાજપૂત બે કદમ ચાલીને નીચે પડી ગયો હતો, જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખેસડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન નીતિનનું મોત નિપજ્યું હતું.

જેથી પોલીસ દ્વારા લાશનું પીએમ કરાવવા માટે કાર્યવાહી શરૂ કરી છે. બીજી તરફ નવાપુરા પોલીસ દ્વારા છરીના ઘા ઝિંકીને હત્યા કરનાર કપિલ નામના યુવકને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડીવાયએસીપી અભય સોનીએ જણાવ્યું હતું કે ત્રેવીસ વર્ષીય યુવકની હત્યાના કેસમાં ગણતરીના કલાકોમાં આરોપી કપિલની ધરપકડ કરી છે અને હત્યામાં વપરાયેલુ હથીયાર જપ્ત કર્યું છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. મૃતકની બહેન સોનુએ જણાવ્યું હતું કે, મારા ભાઈ નીતિનની તેને મિત્ર કપિલ હત્યા કરી નાખી છે. મારો ભાઈ તેને મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં વચ્ચે પડ્યો હતો તેમાં એને જીવ ગુમાવ્યો છે.

# અધિકારી-કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ : ૭૧ને નિમણુંક હુકમ

## કુલ-૮ જેટલા અધિકારીઓ-કમર્ચારીઓને બઢતીથી ઉપલી જગ્યા પર નિમણુંક અપાઈ

રાજકોટ, તા. ૩૦

રાજકોટ શહેરના ક્રમશઃ વધી રહેલા વિસ્તારો અને વસતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને આવશ્યક એવી સેવાઓ અને સુવિધાઓ પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા પ્રતિબધ્ધ છે. જેમ-જેમ મહાનગરપાલિકાના તંત્રની જવાબદારીઓમાં વૃધ્ધિ થઇ રહી છે તેમ-તેમ વહીવટી તંત્રને પણ વધુ મજબુત કરવાની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી રહી છે. આ સમગ્ર બાબતને નજર સમક્ષ રાખી રાજકોટ મહાનગરપાલિકા મહેકમ શાખા દ્વારા છેલ્લા પખવાડિયામાં જુદા જુદા સંવર્ગોમાં કુલ-૭૧ જેટલા અધિકારી-કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણુંક હુકમ કરવામાં આવેલ છે. જયારે આ જ સમયગાળામાં કુલ-૮ જેટલા અધિકારીઓ-કમર્ચારીઓને બઢતીથી ઉપલી જગ્યા પર

### બઢતીથી કરવામાં આવેલ નિમણૂક

| | |
|---|---|
| • લીડીંગ ફાયરમેન | ૦૧ |
| • સબ ઓફિસર (ફાયર) | ૦૪ |
| • સેનેટરી ઈન્સ્પેક્ટર | ૦૧ |
| • નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) | ૦૧ |
| • એડીશનલ આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ) | ૦૧ |
| કુલ નિમણુક...... | ૦૮ |

નિમણુંક આપવામાં આવી છે. દરમ્યાન છેલ્લા પખવાડિયામાં ફાયર ઓપરેટર (પુરૂષ)ની કુલ-૨૭૫ જગ્યા ભરવા માટે ઉમેદવારોના પ્રેક્ટિકલ ટેસ્ટ અને ડોક્યુમેન્ટ વેરીફિકેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આગામી ટૂંક સમયમાં જ ફાયર ઓપરેટર (પુરૂષ)ની જગ્યા પર પસંદગી પામનાર ઉમેદવારોને નિમણુંક આપવામાં આવશે.

વિશેષમાં, ગત પખવાડિયા દરમ્યાન જે જગ્યાઓ પર નિમણુંક હુકમ કરવામાં આવેલ છે તેમાં ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનીશીયન, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ), ફાયર ઓપરેટર (પુરૂષ), આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન, આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ), લાઈનમેન, એડીશનલ આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ), આસીસ્ટન્ટ એન્જીનીયર (મિકેનીકલ), ગાર્ડન આસીસ્ટન્ટ, સ્ટેશન ઓફિસર અને કેમીસ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગત પખવાડિયામાં બઢતીથી જે ઉપલી જગ્યા પર નિમણુંક આપવામાં આવેલ છે તેમાં લીડીંગ ફાયરમેન, સબ ઓફિસર (ફાયર), સેનેટરી ઈન્સ્પેક્ટર, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) અને એડીશનલ આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ)નો સમાવેશ થાય છે.

### નિમણુંક હુકમ અને બઢતીથી અપાયેલ નિમણુંકની વિગત

| | |
|---|---|
| • ફાર્માસિસ્ટ | ૦૮ |
| • લેબોરેટરી ટેકનીશીયન | ૦૮ |
| • ફિમેલ હેલ્થ વર્કર ૧૪ | |
| • મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૦૪ |
| • ફાયર ઓપરેટર (પુરૂષ) | ૦૭ |
| • આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન | ૦૩ |
| • આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ) | ૦૮ |
| • લાઈનમેન | ૧૧ |
| • એડીશનલ આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ) | ૦૩ |
| • આસીસ્ટન્ટ એન્જીનીયર (મિકેનીકલ) | ૦૧ |
| • ગાર્ડન આસીસ્ટન્ટ | ૦૨ |
| • સ્ટેશન ઓફિસર | ૦૧ |
| કેમીસ્ટ | ૦૧ |
| કુલ નિમણુક | ૭૧ |

# ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા રોગને નિયંત્રિત કરવા તંત્રએ કસી કમર

## વાહક નિયંત્રણની કામગીરી હેઠળ છેલ્લા એક સપ્તાહ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૬,૫૦૯ ઘરોમાં કામગીરી કરાઈ

રાજકોટ, તા. ૩૦

ડેન્ગ્યૂ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થ ળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે. રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ છેલ્લા એક સપ્તાહ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૬,૫૦૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૩૪૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.ડેન્ગ્યુરોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૨૩૫ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂગલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૭૫ અને કોર્મશીયલ ૨૬ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા રોકથામ માટે ૧૦ x ૧૦ x ૧૦ નું સૂત્ર અપનાવવું. જેમાં પ્રથમ ૧૦ : દર રવિવારે સવારે ૧૦ વાગે ૧૦ મિનિટ ફાળવવી. બીજા ૧૦ : ઘરમાં તથા ઘરની આસપાસના ૧૦ મીટરના એરીયામાં પાણી ભરેલા પાત્રો ઢાંકીને રાખવા તેમજ બિનઉપયોગી પાણી ભરેલા પાત્રો ખાલી કરવા. ત્રીજા ૧૦ : આ માહિતી અન્ય ૧૦ વ્યકિતઓ સુધી પહોંચાડવી. આમ, માત્ર ૧૦ મિનિટ આપને તેમજ આપના પરિવારને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોથી બચાવી શકાશે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાનો અપાવી દેવાની લાલચ દઇ ગઠીયાઓએ ફેરવી નાંખ્યો મકાનવાંચ્છુઓનો ગરીયો

# સચિવાલયના અધિકારીના નામે ઓગણીસ લોકોને પોણા કરોડનો ચૂનો

## બે શખ્સને પોલીસે દબોચી લીધાઃ ગઠીયાઓએ રૂપિયા ઉઘરાવી મકાનને લગતી નકલી ઇન્ડેક્ષ કોપી પણ આપી દીધી હતીઃ તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલશે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩૦**

રાજકોટઃ રાજ્યમાં નકલી અધિકારીઓ, કર્મચારીઓ બનીને ગામને ધૂતવાના ધંધા અટકતા જ નથી. આ મામલે વિપક્ષે તો રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન યોજીને ક્યારે કોણ નકલી ક્યાં પકડાયુ તેની તસ્વીરો સાથેની રજૂઆતો કરી સરકારને આડેહાથ લીધી હતી. ત્યાં હવે સચીવાલયના અધિકારીની ઓળખ આપી ગઠીયાએ આવાસ યોજનાના મકાન અપાવવાનું કહીને ઓગણીસ મકાનવાંચ્છુઓને પોણા કરોડનો ચૂનો લગાડી દીધો છે. છેતરાયેલા લોકોએ આ ગઠીયાની જાણ પોલીસને કરતાં પોલીસે ગુનો દાખલ કરી બે શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

ફ્રોડની આ ઘટના પર નજર કરીએ તો વધુ એક નકલી અધિકારી સામે ફરિયાદ નોંધાઈ છે જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાન અપાવવાનું કહીને ૧૯ લોકો પાસેથી કુલ રૂ. ૭૭.૪૫ લાખ પડાવ્યા છે. આટલું જ નહિ મકાનની બનાવટી ઇન્ડેક્ષ કોપી પણ આપી હતી. આ અંગે ભોગ બનનારે બે શખ્સો સામે અમદાવાદ ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. વધુ માહિતી જોઇએ તો ખાડિયામાં રહેતા અંકુરભાઇ પટેલ ખાનગી કંપનીમાં મેનેજર સેલ્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન તરીકે નોકરી કરે છે. જેમાં ત્રણેક મહિના અગાઉ કૌટુબિક કાકાએ તેમના વિસ્તારના સોનીકામ કરતા વેપારી વિરલ સોની સાથે મુલાકાત કરાવી હતી. તે સમયે વિરલે જણાવ્યું કે, તેમના ઓળખીતા ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરે છે અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોની ફાળવણીનું કામ કરે છે. તમારે મકાન લેવું હોય તો તેમની સાથે મુલાકાત કરાવી આપીશ.

આ વાત થયાના થોડા સમય બાદ વિરલે વિરમસિંહ રાઠોડ સાથે મુલાકાત કરાવી હતી અને તે સચિવાલયમાં અધિકારી તરીકે નોકરી કરે છે અને સાયન્સ સિટી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસના મકાનોની ફાળવણીનું કામ તેમના હસ્તક છે તેમ જણાવ્યું હતું. જેથી, અંકુરભાઇએ વિરમભાઇને કુલ રૂ. ૩.૫૦ લાખ અને ડોક્યુમેન્ટ પર સહી કરીને આપ્યા હતા. તે સમયે વિરમ અને વિરલે કોઇને મકાન જોઇએ તો કહેજો તેવું જણાવતા અંકુરભાઇ સહિત બીજા સત્તર લોકોએ પૈસા આપ્યા હતા. આ ઘટનામાં કુલ રૂ. ૭૭.૪૫ લાખ વિરમને આપ્યા હતા. બાદમાં વિરમે



મકાનની ઇન્ડેક્ષની કોપી આપી હતી. બાદમાં ગોતા મહેસુલ ભવન ખાતે દસ્તાવેજ માટે બોલાવ્યા હતા. જ્યારે અંકુરભાઇ સહિત અનેક લોકો પહોંચ્યા પરંતુ વિરમ આવ્યો ન હતો. જે બાદ અંકુરભાઇને તેમના કાકાનો ફોન આવ્યો હતો અને જણાવ્યુ કે વિરમસિંહને વસ્ત્રાપુર પોલીસે પકડ્યો છે.

આ પછી બંનેએ ભેગા મળીને ઠગાઇ આચરી હોવાનું સામે આવ્યુ હતુ. આ અંગે અંકુરે વિરલ અને વિરમસિંહ સામે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. આ બંનેએ કુલ સત્યોતેર લાખ પિસ્તાલીસ હજારની ઠગાઇ ઓગણસી લોકો સાથે કરી હોવાનું ખુલતાં વિશેષ તપાસ શરૂ થઇ છે.

ઠગાઇની અન્ય એક ઘટનામાં વટવા જીઆઇડીસી બન્યો છે. જેમાં અજાણી વ્યક્તિ યુવકને અવાર નવાર મેસેજ કરતો હતો કે યુએસડીટી ડોલર વેચવાના છે. જેથી યુવકે રૂપિયા ૧ લાખના ડોલર લેવાની વાત કરતા સાયબર ગઠિયાએ ઓનલાઇન રૂપિયા એક લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ ફોન બંધ કરી દીધો હતો. આ બનાવ અંગે વટવા જીઆઇડીસી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિંઝોલ ગામમાં રહેતા યુવકે વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે કે તેમના મોબાઇલમાં મલ્ટીલેવલ માર્કેટ નામનું ગ્રૃપ છે તેમાંથી અજાણ્યા નંબરથી તેમને અવાર નવાર યુએસડીટી ડોલર વેચવા માટે મેસેજ આવતા હતા.

પરંતું તેઓ કોઇ જવાબ આપતા ન હતા. દરમિયાન ફરીથી મેસેજ આવ્યો હતો અને રૂપિયા ૫૦ હજારના યુએસડીટી ડોલર રૂપિયા ૮૬ માં વેચવાના છે. જેથી યુવકે રૂા. ૧ લાખના ડોલર લેવાની ઉમેરવારી નોંધાવી હતી. જેમાં ભાવની વાતચીત થયા બાદ રૃપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું જેથી યુવકે રૂપિયા ૧ લાખ ટ્રાન્સફર કર્યા બાદ સાયબર ગઠિયાએ ફોન બંધ કરી દીધો હતો. જેથી ઠગાઇ થઇ હોવાની જાણ થતાં આ ઘટના અંગે યુવકે અજાણ્યા શખ્સ સામે વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સીબીઆઇ, સુપ્રિમ કોર્ટના નામે, વિદેશ સ્થિત સંતાનોને પણ ફસાવવાનો ડર બતાવી જાળમાં ફસાવ્યા

# દંપતિને ડિજીટલ એરેસ્ટ કરી ૬૧ લાખનું ફ્રોડઃ ગઠીયો પકડાયો

### પાર્સલમાં ચારસો ગ્રામ ડ્રગ્સ છે કહી મુંબઇ પોલીસના નામે ફોન કર્યોઃ પછી નાણા પડાવ્યાઃ જેના ખાતામાં નાણા ગયા તે રાજસ્થાની હાથમાં આવ્યોઃ સુત્રધાર સુધી પહોંચવા પોલીસની કવાયત

રાજકોટઃ લોકોને અલગ અલગ એજન્સીના નામે ઓળખ આપી ડિજીટલ એરેસ્ટ કરી લાખો કરોડો પડાવી લેવાની ઘટનાઓ સતત બની રહી છે. વધુ એક દંપતિને કુરીયરમાં ચારસો ગ્રામ એમડી ડ્રગ્સ છે, તમારી ધરપકડ કરવામાં આવે છેત મકહી મુંબઇ સીબીઆઇ ઓફિસરની ઓળખ આપી રૂપિયા એકસઠ લાખ પડ-ાવી લેવાયા છે. દંપતિએ ગભરાઇને પોતાની પાસેની તમામ રકમ ટ્રાનસફર કરી દીધી હતી. પછી છેતરાઇ ગયાની ખબર પડી હતી. પોલીસે આ કેસમાં તુરંત કાર્યાવહી કરી એક ગઠીયાને રાજસ્થાનથી દબોચી લીધો છે. છેતરીને મેળવી લેવાયેલી એકસઠ લાખની રકમ આ ગઠીયાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ હોઇ હવે સુત્રધાર સુધી પહોંચવા પોલીસે મહેનત શરૂ કરી છે.

રોજબરોજ બનતી ડિજીટલ એરેસ્ટ કરી નાણા પડાવવાની ઘટનાનો શિકાર આ વખતે વડોદરાના મહુધાના મહિસા ગામે રહેતુ દંપતી બન્યું છે. આ પતિ પત્નિ ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૬૧ લાખ પડાવી લેવાયા છે. આ કેસમાં પોલીસે રાજસ્થાનના જયપુરના બેંક એકાઉન્ટ ધારકને ઝડપી પાડી પુછપરછ કરતા તે ઠગાઈમાં સંડોવાયેલો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી છે. મહિસા ગામે રહેતા દંપતી વિણાબેન અને મધુસૂદનભાઈ પટેલને એક શખ્સે ફોન કરી પોતે વિનોદ શર્મા ડીએચએલ કુરિયર સર્વિસ બોમ્બેની ઓળખ આપી, તમારા નામે આવેલા કુરિયરમાં ચારસો ગ્રામ એમડીએમએ ડ્રગ્સ હોવાનું જણાવી પોલીસને જાણ કરવાની ધમકી આપી હતી. ત્યારે દંપતીએ શખ્સને પોલીસને જાણ કરવા જણાવ્યું હતું. બાદમાં દંપતીને અજાણ્યા નંબરથી વોટ્સએપ કોલ કરી, પ્રકાશ અગ્રવાલ અને રાજેશ પ્રધાન સીબીઆઈ ઓફિસર મુંબઈની ઓળખ આપી તેમને એરેસ્ટ કરવાનું, સીબીઆઈ અને સુપ્રિમ કોર્ટનો ડર તેમજ વિદેશમાં રહેતા સંતાનો બાબતે ડર બતાવી કુલ રૂ.૬૧ લાખ પડાવી લીધા હતા.

આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા, જે એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા, તે એકાઉન્ટધારકની પોલીસે અટકાયત કરી પુછપરછ કરતા તે જફરૂદ્દીન માહીગીરી (જયપુર, રાજસ્થાન) હોવાનું અને ફ્રોડમાં સંડોવાયેલો હોવાની કબૂલાત કરતા પોલીસે તેની અટકાયત કરી અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી છે. આ પ્રકારના ફ્રોડના કિસ્સા રોજીંદા થઇ ગયા છે. લોકોને ચેતતા રહેવા સરકાર, સાયબર ક્રાઈમ દ્વારા સતત જાગૃત કરવામાં આવે છે. આમ છતાં લોકો આ પ્રકારના ફ્રોડનો શિકાર બની જાય છે.

ઓનલાઇન ફ્રોડની અન્ય એક ઘટનામાં અમદાવાદના એક યુવકે સોશિયલ મીડિયાના માધ્યમ થકી શેર માર્કેટના એક વોટ્-




**ફ્રોડના બીજા કિસ્સામાં શેર બજારમાં યુવાને ૧.૪૪ કરોડનું રોકાણ કરતાં ૪૦ કરોડનો નફો બતાવાયોઃ પણ આ નાણા ઉપાડવા જતાં ફદીયું'ય ન મળ્યું!**

સએપ ગ્રુપમાં જોડાયો અને એક ભૂલના કારણે કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. જેમાં યુવકને રોકાણ પર ૨૦ ટકા સુધીનો નફો મળશે તેવા મેસેજ આવતા હતા અને ગ્રુપના મેમ્બરોએ નફો મેળવ્યાના ફોટો શેર કરતા યુવક વિશ્વાસમાં આવીને ૧.૪૪ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું અને અંતે ફ્રોડનો શિકાર બન્યો હતો. યુવકે સમગ્ર ઘટના અંગે પાલડી પોલીસ સ્ટેશન છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. પોલીસ ફરિયાદ મુજબ, અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા નીલ શાહ નામનો યુવક એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ૩ એ-િલના રોજ ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટની રીલ જોવા મળતા નીલે તેમાં ક્લિક કરીને શેર માર્કેટ વાળા એક ગ્રુપમાં જોઈન થયો હતો. જ્યાં ગ્રુપના અન્ય મેમ્બરો જોડાયેલા હતા. આ ગ્રુપમાં શેર માર્કેટમાં રોકાણ પર ૫-૨૦ ટકા નફો મળશે તેવા મેસેજ આવતા હતા. આ સાથે ગ્રુપમાં જોડાયેલા અન્ય સભ્યો પર પોતાના રોકાણ અને નફાના ફોટો અહીં ગ્રુપમાં શેર કરતા હોવાથી નીલને તેમાં વિશ્વાસ આવ્યો હતો.

ત્યારબાદ વોટ્સએપ ગ્રુપમાં જોડાયા બાદ નીલે મેઘના ભાટિયા નામના ગ્રુપ એડમિનને મેસેજ કરતા તેમણે એક લીંક શેર કરીને એપ્લિકેશન ડાઉનલોડ કરવા કહ્યું હતું. જેથી નીલે એપ્લિકેશન ડા-ઉનલોડ કરીને તેમા પોતાનું નામ, નંબર, પાનકાર્ડ, બેંક સહિતની વિગતો નાખી હતી. જેમાં નીલે પોતાના બેંક ખાતામાંથી પાંચ લાખ ભર્યા તો તેને રોકાણ પર નફો બતાવામાં આવ્યો હતો. જેથી નીલે ટુકડે ટુકડે કરીને એપ્લિકેશનમાં ૧૨ જેટલા ટ્રાન્જેક્શનમાં ૧.૪૪ કરોડ રૂપિયા ભર્યા હતા. જ્યારે એપ્લિકેશનમાં બતાવાયેલા ૪૦ કરોડના નફામાંથી નીલે પૈસા ઉપાડવાની કોશિશ કરતા પૈસા ઉપડ્યા ન હતા. અંતે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.

ઓનલાઇન ફ્રોડની અન્ય એક ઘટનામાં અમદાવાદના એક યુવકે સોશિયલ મીડિયાના માધ્યમ થકી શેર માર્કેટના એક વોટ્-સએપ ગ્રુપમાં જોડાયો અને એક ભૂલના કારણે કરોડો રૂપિયા ગુ-માવ્યા હતા. જેમાં યુવકને રોકાણ પર ૨૦ ટકા સુધીનો નફો મળશે તેવા મેસેજ આવતા હતા અને ગ્રુપના મેમ્બરોએ નફો મેળવ્યાના ફોટો શેર કરતા યુવક વિશ્વાસમાં આવીને ૧.૪૪ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું અને અંતે ફ્રોડનો શિકાર બન્યો હતો. યુવકે સમગ્ર ઘટના અંગે પાલડી પોલીસ સ્ટેશન છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. પોલીસ ફરિયાદ મુજબ, અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા નીલ શાહ નામનો યુવક એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ૩ એ-િલના રોજ ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટની રીલ જોવા મળતા નીલે તેમાં ક્લિક કરીને શેર માર્કેટ વાળા એક ગ્રુપમાં જોઈન થયો હતો. જ્યાં ગ્રુપના અન્ય મેમ્બરો જોડાયેલા હતા. આ ગ્રુપમાં શેર માર્કેટમાં રોકાણ પર ૫-૨૦ ટકા નફો મળશે તેવા મેસેજ આવતા હતા. આ સાથે ગ્રુપમાં જોડાયેલા અન્ય સભ્યો પર પોતાના રોકાણ અને નફાના ફોટો અહીં ગ્રુપમાં શેર કરતા હોવાથી નીલને તેમાં વિશ્વાસ આવ્યો હતો.

ત્યારબાદ વોટ્સએપ ગ્રુપમાં જોડાયા બાદ નીલે મેઘના ભાટિયા નામના ગ્રુપ એડમિનને મેસેજ કરતા તેમણે એક લીંક શેર કરીને એપ્લિકેશન ડાઉનલોડ કરવા કહ્યું હતું. જેથી નીલે એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેમા પોતાનું નામ, નંબર, પાનકાર્ડ, બેંક સહિતની વિગતો નાખી હતી. જેમાં નીલે પોતાના બેંક ખાતામાંથી પાંચ લાખ ભર્યા તો તેને રોકાણ પર નફો બતાવામાં આવ્યો હતો. જેથી નીલે ટુકડે ટુકડે કરીને એપ્લિકેશનમાં ૧૨ જેટલા ટ્રાન્જેક્શનમાં ૧.૪૪ કરોડ રૂપિયા ભર્યા હતા.

જ્યારે એપ્લિકેશનમાં બતાવાયેલા ૪૦ કરોડના નફામાંથી નીલે પૈસા ઉપાડવાની કોશિશ કરતા પૈસા ઉપડ્યા ન હતા. અંતે છેત-રપિંડી થઈ હોવાની જાણ થતા પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# બાય બાય ૨૦૨૪

## અગ્નિકાંડથી માંડીને નકલીની ભરમાર : ત્રાહિમામ વર્ષ




ભૂલી જવા જેવું ઘણું છે પણ યાદ રાખવું અનિવાર્ય છે. આજે ઇ.સ. ૨૦૨૪નો અંતિમ દિવસ છે. ચોમેર મોજે દરિયાના આયોજનો થયા છે. મોજ સાથે ગંભીર ચિંતન પણ જરૂરી હોય છે. વર્ષ બદલે ત્યારે માત્ર કેલેન્ડર બદલી નાખવાનું ન હોય, નવા વર્ષે સ્થિતિમાં પણ સકારાત્મક પરિવર્તન લાવવા આયોજન જરૂરી હોય છે.

નવું વર્ષ ખ્રીસ્તી સમુદાયનું આવી રહ્યું છે. જોકે સમગ્ર વિશ્વ એ આ કેલેન્ડર સ્વીકાર્ય ગણ્યું હોવાથી તે અનુસાર ઢસડાવવું ફરજિયાત બને છે. દિપાવલી અને ૩૧ ડિસેમ્બર અનુસંધાને ભારતીય મીડિયામાં વીતેલા વર્ષના લેખા-જોખા આપવાની પરંપરા છે.

રાજકોટના ૨૦૨૪ના વર્ષ પર નજર કરો તો ઠંડી ઉડી જાય તેવી અગ્નિકાંડની ઘટનાના ભડકા યાદ આવી જાય છે. સારી-ખરાબ ઘટનાઓની ભરમાર ચાલતી જ રહે છે. પણ ૨૦૨૪ના વર્ષમાં અગ્નિકાંડ અને નકલીના સમાચારો સતત છવાયેલા રહ્યા છે.

પ્રથમ દ્રષ્ટિએ એમ લાગે કે ૨૦૨૪નું વર્ષ અને આવી ઘટનાઓ ઝડપથી ભુલાઈ જાય તો સારા પણ કડવી યાદોને જીવંત રાખવી જરૂરી છે. ભારતની લોકશાહી ભલે વિશ્વની સૌથી મોટી ગણાય પરંતુ આપણી લોકશાહીમાં જાગૃત નાગરિકોનો વ્યાપક અભાવ છે. નવી ઘટના બને ત્યારે લોકો જૂની ઘટના ભૂલી જતા હોવાથી કૌભાંડોને ભીના સંકેલવાની પરંપરા ફૂલીફાલી છે.

અગ્નિકાંડમાં નિર્દોષ ભૂલકાઓ સ્વાહા થયા હતા. દેશભરમાં રાજકોટ ચર્ચાસ્પદ બન્યું હતું. રાક્ષસીકાંડમાં જવાબદારોને ઝડપી લેવાને બદલે તેમને છટકાવી દેવા ઘણા ધંધે લાગ્યા હતા. કહેવાય છે કે આ કાંડમાંથી મોટા માથા સિફતથી સરકી ગયા છે. જે પકડાયેલા છે તેની સામેની કાર્યવાહીમાં પણ સ્ફૂર્તિ દેખાતી નથી. લોકો કાળક્રમે અગ્નિકાંડ ભૂલી જશે ત્યારે સામાન્ય કાર્યવાહી કરીને મુક્ત કરી દેવાશે તેવી આશંકા ઘણાને છે.

મોરબી ઝૂલતા પુલના કાંડમાં શું બન્યું ? નિર્દોષ લોકો ગુજરી ગયા, મીડિયાએ થોડા દિવસો મરશિયા ગાયા, પ્રકરણ ભુલાવવા માંડ્યું, ઘટનાના વિલનના જામીન મંજૂર થવા લાગ્યા, લોકોની ભૂલી જવાની ટેવ ના કારણે લોકો જ કમોત પામે છે વર્ષમાં ઘણું એવું બને છે જે યાદ કરીએ તો જીવ બળે પણ ભૂલી જઈએ તો દોષી તો છટકી જાય છે.

અધિકારીથી માંડીને સરકારી વિભાગો અને જન-કોર્ટ બધું જ નકલી ૨૦૨૪ના વર્ષે દેખાડ્યું છે. હાલ નકલી દસ્તાવેજો કરવાનું પ્રકરણ ધગે છે પણ થોડો વિચાર કરો, ઘણું બધું નકલી ઝડપાયું છે તે પ્રકરણોનું શું થયું ? લોકો ભૂલી જાય ત્યારે ગરમ પ્રકરણોને ટાઢા કરી દેવાય છે આવું તારણ નીકળે છે.

૨૦૨૪ને બાય બાય કહીને સંકલ્પ કરીએ કે નવા વર્ષે સ્થિતિમાં પણ સકારાત્મક નવીનતા લાવીશું, યાદ રાખવા જેવું નહીં ભૂલીએ અને વિલનોને વિલન સાબિત કરીશું જ.




# દેશનું સંરક્ષણ નિકાસ ૨૧ હજારને પાર

## વર્ષ ૨૦૨૯ સુધીમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની સંરક્ષણ નિકાસ હાંસલ કરવાનો લક્ષ્યાંક

નવીદિલ્હી, તા. ૩૦



સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે જણાવ્યું હતું કે ભારતની સંરક્ષણ નિકાસ એક દાયકા પહેલા રૂ. ૨,૦૦૦ કરોડથી વધીને રૂ. ૨૧,૦૦૦ કરોડને પાર કરી ગઈ છે. બે સદીથી વધુ જૂના મહુ કેન્ટોનમેન્ટ ખાતે આર્મી વોર કોલેજ () ખાતે અધિકારીઓને સંબોધતા સિંહે કહ્યું કે ૨૦૨૯ સુધીમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની સંરક્ષણ નિકાસ હાંસલ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. સતત વિકસતા સમયમાં ફ્રન્ટિયર ટેકનોલોજીમાં નિપુણતા મેળવવી એ સમયની જરૂરિયાત છે, તેમણે ઉમેર્યું હતું કે લશ્કરી તાલીમ કેન્દ્રો ભવિષ્યના પડકારોને પહોંચી વળવા સૈનિકોને સજ્જ કરવામાં અને તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આપણી સંરક્ષણ નિકાસ, જે એક દાયકા પહેલા લગભગ રૂ. ૨,૦૦૦ કરોડની હતી, તે આજે રૂ. ૨૧,૦૦૦ કરોડના રેકોર્ડ આંકડાને પાર કરી ગઈ છે. સિંઘે કહ્યું, ''અમે ૨૦૨૯ સુધીમાં રૂ. ૫૦,૦૦૦ કરોડની નિકાસનું લક્ષ્ય નક્કી કર્યું છે.'' તેમણે કહ્યું કે ભારતમાં ઉત્પાદિત સાધનો અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવે છે. સિંહે તેમના ભાષણમાં યુદ્ધમાં આમૂલ પરિવર્તનોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે માહિતી યુદ્ધ, કૃત્રિમ બુદ્ધિ () આધારિત યુદ્ધ, પ્રોક્સી યુદ્ધ, ઈલેક્ટ્રોમેગ્નેટિક યુદ્ધ, અવકાશ યુદ્ધ અને સાયબર હુમલા જેવી બિનપરંપરાગત પદ્ધતિઓ એક મોટો પડકાર છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આવા હુમલાઓ સામે લડવા માટે આર્મી સારી રીતે પ્રશિક્ષિત અને સજ્જ હોવી જોઈએ અને મહુમાં તાલીમ કેન્દ્રોના મૂલ્યવાન યોગદાનની પ્રશંસા કરી. સિંઘે બદલાતા સમય અનુસાર તેમના તાલીમ અભ્યાસક્રમમાં સતત સુધારો કરવા અને કર્મચારીઓને દરેક પ્રકારના પડકારો માટે તૈયાર કરવાના પ્રયાસો કરવા બદલ તાલીમ કેન્દ્રોની પ્રશંસા કરી હતી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે મોદી સરકાર ત્રણેય સેવાઓ વચ્ચે એકીકરણ અને સંયુક્તતાને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે આવનારા સમયમાં સશસ્ત્ર દળો વધુ સારી અને વધુ કાર્યક્ષમ રીતે પડકારોનો સામનો કરી શકશે. સિંહે કહ્યું કે મહુ કેન્ટોનમેન્ટમાં તમામ પાંખના અધિકારીઓને ઉચ્ચ સ્તરીય તાલીમ આપવામાં આવે છે. તેમણે અધિકારીઓને ઈન્ફન્ટ્રી સ્કૂલમાં હથિયારોની તાલીમ, અને મિલિટરી કૉલેજ ઑફ ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરિંગ () ખાતે કમ્યુનિકેશન ટેકનૉલૉજી અને માં જુનિયર અને સિનિયર કમાન્ડ જેવા ક્ષેત્રોમાં તાલીમ દ્વારા એકીકરણને પ્રોત્સાહિત કરવાની શક્યતાઓ શોધવા અપીલ કરી હતી.

સિંઘે કહ્યું કે ભવિષ્યમાં કેટલાક અધિકારીઓ ડિફેન્સ એટેચ તરીકે કામ કરશે અને તેઓએ વૈશ્વિક સ્તરે રાષ્ટ્રીય હિતોને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જ્યારે તમે ડિફેન્સ એટેચનું આ પદ સંભાળો છો, ત્યારે તમારે સરકારના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને આત્મસાત કરવું જોઈએ. તેમણે કહ્યું કે આત્મનિર્ભરતા દ્વારા જ ભારત તેની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરી શકે છે અને વિશ્વ મંચ પર વધુ સન્માન મેળવી શકે છે

રક્ષા મંત્રી રવિવારથી મધ્યપ્રદેશની બે દિવસીય મુલાકાતે છે. તેમણે કહ્યું કે સરકાર ભારતને વિશ્વની સૌથી મજબૂત આર્થિક અને સૈન્ય શક્તિઓમાંની એક બનાવવા માટે પ્રતિબદ્ધ છે. સુરક્ષા પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે ત્યારે જ આર્થિક સમૃદ્ધિ શક્ય બને છે. એ જ રીતે સુરક્ષા વ્યવસ્થા ત્યારે જ મજબૂત હશે જ્યારે અર્થતંત્ર મજબૂત હશે. બંને એકબીજાના પૂરક છે,'' તેમણે કહ્યું. સિંહે સરહદોને સુરક્ષિત કરવામાં અને કુદરતી આફતો દરમિયાન પ્રથમ પ્રતિસાદ આપનાર સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરી. રાષ્ટ્રની સુરક્ષા અને સતત બદલાતી દુનિયામાં પોતાને અપડેટ રાખવા માટેનું આ સમર્પણ આ જુસ્સો લઈ શકે છે. આપણે બીજા કરતા આગળ.

### ચેતતો નર સદા સુખીઃ બ્યુટી પાર્લરમાં મારે વાર લાગશે, તમે ઘરે જાઓ, હું ફોન કરુ ત્યારે આવજો...તેવું કહેનાર પત્નિ બારોબાર ગાયબ થઇ ગઇ

# લૂંટેરી દુલ્હનઃ લગ્નના છઠ્ઠા દિવસે લાખોની મત્તા ઉસેડી પ્રેમી સાથે 'છૂ'

## ટ્રાન્સપોર્ટર યુવાનને છેતરી ઘરમાંથી રોકડ-દાગીના મળી પાંત્રીસ લાખની માલમત્તા લઇ ગઇઃ પોલીસે ટોળકીની શરૂ કરી તલાસ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર, તા. ૩૦



રાજકોટઃ લૂંટેરી દૂલ્હનના કિસ્સાઓ રાજ્યભરમાં સામે આવતાં રહે છે. લગ્નવાંચ્છુ યુવાનો કે જેને પોતાના જ્ઞાતિ સમાજમાં કન્યા મળતી નથી હોતી તેઓ એજન્ટો મારફત નાણા ચુકવીને બીજા રાજ્યની યુવતિઓ સાથે લગ્ન કરતાં હોય છે. રાજ્યભરમાં આ પ્રકારે અનેક કન્યાઓ કોઇને કોઇ પરિવારની પુત્રવધૂ બનીને સુખેથી સંસાર જીવન જીવી રહી છે. જો કે અમુક લેભાગુ ટોળકીઓ લગ્નકરવા ઇચ્છુકોને છેતરી લેતાં હોય છે. લૂંટેરી દુલ્હન એટલે કે જે તે ટોળકી પોતાની સાગ્રીત કન્યાને જે તે યુવાન સાથે પરણાવે છે અને તેના બદલામાં રોકડા પણ મેળવી છે. એ પછી લગ્નના એકાદ દિવસ કે અઠવાડીયામાં જ આ કન્યા એટલે કે દૂલ્હન પોતે જેને પરણી હોય તેને પડતો મુકી રાતોરાત ઘરમાંથી રોકડ દાગીના ઉસેડીને કે પછી પતિ સાથે બજારમાં જવાના બહાને તેની નજર ચુકવી રફુચક્કર થઇ જાય છે. આવી વધુ એક ઘટના બની છે. જેમાં ટ્રાન્સપોર્ટર યુવાનને છેતરી લગ્નના છઠ્ઠા દિવસે જ લૂંટેરી દૂલ્હન લાખો રૂપિયા દાગીના લઇ છુમંતર થઇ ગઇ છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ વલસાડના અબ્રામા વિસ્તારમાં બન્યો છે. આ ચોંકાવનારી ઘટનામાં ટ્રાન્સપોર્ટર પતિને બ્યુટીપાર્લર લઈ ગયેલી દુલ્હન લાખો રૂપિયાના દાગીના અને રોકડા લઈને ફરાર થઈ ગઈ છે. યુવકના લગ્ન મહારાષ્ટ્રના વિરારની એક યુવતી સાથે નક્કી થયા હતા. સગાઈ બાદ બંને વચ્ચે વાતચીત ન થતાં લગ્ન રદ કરવાની નોબત આવી હતી. પરંતુ બંને પરિવારોના સભ્યોની સમજાવટથી તાજેતરમાં જ લગ્ન થયા હતા. પરંતુ લગ્નના માત્ર પાંચ દિવસ બાદ જ પરિણીતાએ રફૂચક્કર થઈ ગઈ હતી. બ્યુટી પાર્લરથી થોડા સમય બાદ તેણે પતિને ઘરે મોકલી દીધો હતો અને ભાણેજને ત્યાં બેસાડી દીધો હતો. ત્યારબાદ તે પોતે ગાયબ થઈ ગઈ હતી. જ્યારે પરિવારના સભ્યોએ બેડરૂમમાં તપાસ કરી ત્યારે તેમને ખબર પડી કે પરિણીતા રૂપિયા ૨૭.૩૨ લાખ રોકડા અને સોનાચાંદીના દાગીના મળી કુલ ૩૫.૧૮ લાખ મુદ્દામાલ લઈને તેના પ્રેમી સાથે ફરાર થઈ ગઈ છે.

આ ઘટના અંગે પતિએ વલસાડ સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપી મહિલાની શોધખોળ શરૂ કરી છે. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતા ઓગણત્રીસ વર્ષીય પંકજકુમાર મહેન્દ્ર પ્રતાપસિંહ જે ટ્રાન્સપોર્ટર તરીકે વ્યવસાય કરે છે. મહારાષ્ટ્રના વિરાર ખાતે રહેતા મધ્યમ વર્ગીય પરિવારની અઠ્ઠાવીસ વર્ષીય યુવતી રાખી સિંહ સાથે જુલાઈ માસમાં સગાઈ નક્કી કરી હતી. સગાઈ બાદ રાખી પંકજ સાથે મોબાઈલ ફોન વડે ઓછી સંપર્કમાં રહેતી હતી. જેને લઈને પંકજે તેને સોશિયલ મીડિયા ઉપર ચેક કરતા મોડી રાત સુધી ઓનલાઈન રહીને અન્ય વ્યક્તિ સાથે ચેટ કરતી જોવા મળી હતી. જેને લઈને પંકજ સિંહે રાખીને અચાનક લગ્ન કરવાની ના પાડી હતી. બંને પક્ષના વડીલોએ પૂછતાં પંકજે રાખીનું અન્ય યુવક સાથે આડા સંબધ હોવાનું અને તેની સાથે લેટ નાઈટ સુધી સોશિયલ મીડિયા વડે વાતો કરતી હોવાનું તેમજ પંકજ સાથે કોઈ સંપર્કમાં રહેતી ન હોવાનું જણાવ્યું હતું.

ત્યાર પછી બંને ઘરના વડીલોએ પંકજ સિંહને સમજાવતા અને રાખીને પંકજ સાથે મોબાઈલ ઉપર વાતો કરવા અને લગ્ન સુધી નોકરી ઉપર ન જવા સૂચના આપી હતી. રાખીએ પંકજ સિંહની માફી માંગતા પંકજ સિંહ લગ્ન માટે તૈયાર થયા હતા. ગત સોળમી ડિસેમ્બરે વલસાડ ખાતે લગ્ન યોજાયા હતા. જે બાદ પરિવાર સાથે રાખી મળીને રહેતી હતી. પરિવારના સભ્યોએ રાખીને ઘરની સંપૂર્ણ જવાબદારી સોંપી હતી. એકવીસમી ડિસેમ્બરે બપોરે વલસાડ શાકભાજી માર્કેટ પાસે આવેલા એક બ્યુટી પાર્લરમાં જવાનું જણાવ્યું હતું. પંકજ અને રાખી સાથે તેની ભાણેજને લઈને બ્યુટી પાર્લર ગયા હતા. બ્યુટી પાર્લર બહાર રાખીએ બ્યુટી પાર્લરમાં ૩ કલાકથી વધુ સમય થશે જેથી પંકજને ઘરે જવા જણાવ્યું હતુ અને ફોન કરૂ ત્યારે લેવા આવવા જણાવ્યું હતું. રાખી સિંહ તેની ભાણેજને બ્યુટી પાર્લરમાં ટ્રીટમેન્ટ કરાવવા બેસાડી હું આવું છું જણાવી જતી રહી હતી. રાખીનો મોબાઈલ સ્વીચ ઓફ કરી ભાગી ગઈ હતી.

પંકજે થોડા સમય બાદ રાખીનો સંપર્ક કરતા ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. જેથી તાત્કાલિક શાકભાજી માર્કેટ પાસે આવેલા બ્યુટી પાર્લરમાં જઈને ચેક કરતા રાખી સિંહ મળી આવી ન હતી. જેથી પંકજે આજુબાજુના વિસ્તારમાં ચેક કરતા રાખી ક્યાંય મળી આવી ન હતી. જે બાદ રાખીએ મોબાઈલ ઉપર રાખી તેના પ્રમી ગોલું સાથે જતી હોવાનું જણાવ્યું હતું. પરિવારના સભ્યોએ ઘરના બેડરૂમમાં મુકેલા સોના-ચાંદીના ઘરેણાં અને ૨૭.૩૨ લાખ રૂપિયા રોકડા મળી ૩૫.૧૮ લાખ રૂપિયા લઈને ફરાર થઇ ગઇ હોવાનું જાણવા મળ્યું હતું. પંકજ કુમારે આજે વલસાડ સિટી પોલીસ મથકે રાખી સિંહ, તેનો પ્રમી વિવેક ઉર્ફે ગોલું રાજેન્દ્ર તિવારી અને રાખી સિંહના માતા પિતા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવતાં વલસાડ સિટી પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે. આમ લગ્નના નામે વધુ એક યુવાન છેતરાયો હતો. માથે જતાં લાખો રૂપિયાની મત્તા પણ ગુમાવી દીધી હતી. આવા કિસ્સાઓમાં કહી શકાય કે ચેતતો નર સદા સુખી!

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# આધુનિકતા ને નામે સમજ્યા વગરનું પરિવર્તન આપણને જ ભારે પડ્યું!



મિત્રો– શુભ સવાર
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૦૨૪ ની સાલનો આજે છેલ્લો દિવસ છે, ૨૪ વર્ષ પહેલા આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, અને દેખીતી રીતે જોઈએ તો પહેલા કરતાં ઘણો સારો સમય આવી ગયો છે. એટલે કે સમયનું ચક્ર ઘણું આગળ નીકળી ગયું છે, આજે શહેરો મોટા મોટા થતાં જાય છે, ગામડાનું પણ આધુનિકરણ થઈ ગયું છે. દરેક વર્ણ અને વર્ગ શિક્ષણના મહત્વને અપનાવ્યું છે. સ્ત્રીને પણ ઘણી સફળતા મળી છે,અને સ્વતંત્રતા પણ મળી છે. સમાજ બૌદ્ધિકતાની દ્રષ્ટીએ ઘણો આગળ વધી ગયો છે. ક્યાંક ક્યાંક લોકો સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા થયા છે, તો ક્યાંક ક્યાંક આપણા મૂળ સંસ્કાર એટલે કે, યોગ આર્યુવેદ વગેરે જાગૃત થાય એ માટે પણ કામ કરે છે, પણ બીજું પાસું થોડું ખતરનાક છે કે લોકોની ભાષા પહેરવેશ ખાણીપીણી બધું જ આધુનિકતા ને નામે બદલાઈ ગયું છે, અને લોકો એને જ વિકાસ કે યુગ પરિવર્તન કહે છે. પણ ક્યાંક હજી ૧૮મી સદી જેવી જ માનસિકતા દેખાય છે, અને એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં ભારતીય સમાજ અમુક વાસ્તવિકતા સ્વીકારી શક્યો નથી. ક્યારેક અહમને નામે, ક્યારેક આગ્રહના નામે, તો ક્યારેક ક્યારેક પરંપરાને નામે સ્ત્રીનું શોષણ થતું આવ્યું છે. કોઈ ઘરમાં વડીલ જનરેશન ગેપની સાથે ચાલી ન શકે તો ત્યાં તેનું શારીરિક અથવા માનસિક શોષણ થાય, તો ક્યાંક વચલી પેઢીનો મરો થાય,અને ક્યાંક યુવા પેઢીનો, આવું બધું ચાલ્યા કરે છે. તો આપણને એમ થાય કે પુરુષ અને સ્ત્રી એ સમાજના બંને સશક્ત અંગો છે,એ બે માંથી એક અંગની જોઈએ તે પ્રમાણમાં પુષ્ટિ ન થાય તો સમાજ સ્વસ્થ બની શકે નહીં. ભારતીય સંસ્કૃતિ એ વિકાસને નામે કે આધુનિકતાને નામે ઘણું બધું અપનાવ્યું છે. પરંતુ આપણી જે મૂળ સંસ્કૃતિ હતી, એને ભૂલ્યા વગર જો નવું અપનાવ્યું હોત અથવા તો નવાનો પણ સ્વીકાર કર્યો હોત, તો સામાજિક રીતે પણ વિજ્ઞાનની જેટલી જ તરક્કી દેખાત, પણ અમુક મૂલ્યો ચૂકી જવાથી સામાજિક સ્તરે એટલો વિકાસ દેખાતો નથી, અને જેટલું થવું જોઈએ એટલું યુગ પરિવર્તન થતું નથી, આ તેનું મુખ્ય કારણ છે. આજે તો ૩૧મી ડિસેમ્બર એટલે પાર્ટી અને સેલિબ્રેશનનો દિવસ છે. જુદા જુદા વર્ગ અને વયજૂથના લોકોએ હવે આ સંસ્કૃતિને અપનાવી લીધી છે, અને આપણે ટીવી સિરિયલો કે ફિલ્મોમાં જોઈએ છીએ, તેમ સમાજમાં પણ દરેક વર્ગ પોતાની રીતે ન્યુ ઈયરની ઉજવણી કરતો દેખાય છે. સ્વાગતનું આપણી સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વ છે, એટલે થાય તેમાં કોઈ તકલીફ પણ નથી, પરંતુ એની પણ એક ચોક્કસ મર્યાદા હોવી જોઈએ એ દરેક જણાએ સમજવું બહુ જરૂરી છે.

આપણી સંસ્કૃતિ ભૌગોલિકતાને આધારે ભાષા , પહેરવેશ, ધર્મ, અને તેની ખાણીપીણી, એમ ઘણી વિવિધતા ધરાવે છે. એટલે કે દરેક પ્રાંત કે રાજ્ય તેની ભૌગોલિકતાને આધારે તેનો પહેરવેશ નક્કી કર્યો હતો, એ આબોહવા કે વાતાવરણમાં સારી રીતે જીવી શકાય એટલે એ પ્રકારની ખાણીપીણી સ્વીકારાઈ હતી, અને એ રીતે બધાએ પોતપોતાની ભાષાને અપનાવી હતી,તેમજ ધર્મને પણ અપનાવ્યો હતો. પરંતુ દરેક ભારતીય માટે માનવતાનો ધર્મ ઉચ્ચસ્તરે રહેતો, આ આપણી મૂળ સંસ્કૃતિ હતી, અને તેથી જ શાળાઓમાં આપણા સંસ્કૃતિ ઉજાગર કરતાં સાંસ્કૃતિક પ્રોગ્રામો થાય છે, પણ ઘણીવાર એવું થાય કે ઘરની વસ્તુઓનું એટલું મૂલ્ય થાય નહીં, કારણકે આપણી નજર બહાર વધારે ફરવા લાગી છે. વિશ્વ સ્તરે આજે અંગ્રેજી ભાષાને ખૂબ જ મહત્વ અપાય છે, અને આપણે તેને વિકાસને નામે અપનાવીને કંઈ જ ખોટું કર્યું નથી. આપણા ભૂલકાઓનું ભવિષ્ય સુધારવા, તેને નાનપણથી ઈંગ્લીશ મીડીયમમાં દાખલ કર્યા. પરંતુ એને કારણે આપણી મૂળ ભાષાનું પ્રભુત્વ છૂટતું જાય છે, એ નજર અંદાજ થઈ ગયું. એવી જ રીતે પહેરવેશની વાત કરીએ તો, આપણે અત્યાધુનિક કહેવડાવવા માટે જાતભાતના પરિધાન ધારણ કર્યા, પણ મૂળ પહેરવેશ તરફ ઓરમાયુ વર્તન થવા લાગ્યું. એટલે કે અમુક પરણીને જતી દીકરી કોઈ ઘરમાં એને પરંપરા મુજબ એ વસ્ત્ર પહેરવાના આવે તો એ ટ્રેડિશન અપનાવી શકતી નથી, અને ત્યાં ઘર્ષણ અથવા મન મોટાવ કે મન ભેદના કિસ્સા શરૂ થાય છે. કારણ કે આધુનિક યુવતી પોતાના નિર્ણયો પોતાની રીતે લેતી દેખાય છે, અને એ ખોટું નથી. પરંતુ જ્યાં અને જેટલું આપણે એડજસ્ટ થઈ શકતાં હોઈએ, એટલુ બધી જ પેઢી એ સહર્ષ થવું એ વિચાર યુગ પરિવર્તન લાવે છે. પણ એવું દરેક ઘર પરિવારમાં થતું નથી, એટલે સીધી રીતે એમ કહી શકાય કે શિક્ષણને કારણે મળેલી સ્વતંત્રતા પણ ક્યારેક ભારે પડે છે. હજી સુક્ષ્મ છણાવટ કરીએ તો, પહેલા તો ગુજરાતી સમાજમાં જ આંતરજ્ઞાતિય લગ્ન થતાં, એ પણ સમાજ સ્વીકારી શકતો નહીં. જ્યારે આજે એ પરિસ્થિતિ રહી નથી. એટલે કે ગુજરાતી છોકરીઓ પંજાબી, મહારાષ્ટ્રીયન, સાઉથ ઈન્ડિયન, કે પછી યુપી ક્યાંય કોઈ પ્રાંતના યુવક સાથે લગ્ન કરે છે, અથવા તો ત્યાની યુવતીઓ સાથે ગુજરાતી યુવકો લગ્ન કરે છે, અને આ બધું હવે સાવ સામાન્ય થઈ ગયું છે. આ ઉપરાંત ક્રિશ્ચયન, પારસી, કે મુસ્લિમ ધર્મ વાળા સાથે પણ યુવક–યુવતીઓ લગ્ન કરતા થઈ ગયા છે. એટલે અલગ અલગ સંસ્કૃતિ, અલગ–અલગ ભૌગોલિક પ્રાંત, અને અલગ અલગ ધર્મ અને અલગ અલગ ભાષા, આ ચારેય મોરચે જોઈએ તેટલું એડજેસ્ટમેન્ટ થઈ શકતું નથી, અને એને કારણે પણ સંબંધોમાં મન મોટાવ રહે છે, એટલે પરિવારોમાં કાયમ ઘર્ષણ થયા કરે છે. ખાણીપીણીના નામે પણ આપણે કેટલુંય અપનાવી લીધું, એટલે કે પંજાબી ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ, ફાસ્ટ ફુડ, કેક પેસ્ટ્રી ખાતાં થઈ ગયાં! અરે એ છોડો ફેશન ને નામે નોનવેજ પણ ખાતાં થઈ ગયાં. આપણે પચાવી શકીશું કે નહીં એવું કંઈ વિચાર્યા વગર અપનાવી લીધું, અને એને કારણે શારીરિક સ્વાસ્થ્ય કથળ્યું. આ ઉપરાંત અન્ન તેવો ઓડકાર એવી પણ આપણે ત્યાં એક કહેવત છે એ રીતે મનોવિકાર પણ આવ્યાં. જેમાં મૂળભૂત વિકાર એટલે કે જાતની વધુ પડતી આળપંપાળ થઇ અને કામ વૃત્તિ વધી, અને જે સતત આપણને ભોગમાં પ્રવૃત રાખે છે, એટલે યોગ પ્રત્યેની દ્રષ્ટિ ચૂકાઈ ગઈ.

વ્યક્તિગત હોય કે સામાજિક હોય પણ સ્વસ્થતા માટે શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય એ બંને જરૂરી છે. એટલે સમાજ શારીરિક રીતે પણ સશક્ત હોય, અને માનસિક રીતે પણ દરેકે દરેક વર્ગ કે વર્ણ જ્યારે સશક્ત બને, ત્યારે સમાજ સાચો વિકાસ કરી શકે, અને ત્યારે જ સાચું યુગ પરિવર્તન થયું, એવું કહી શકાય. આપણી માતૃભાષા, અને રાષ્ટ્ર ભાષાનું ગૌરવ વધે તેવું કરવાનું છે. આપણા પહેરવેશનું મૂલ્યાંકન કરવાનું છે. સ્વસ્થ રહી શકીએ એવી પૌષ્ટિક ખાણીપીણી અપનાવવી જોઈએ. માનવતાનનો ધર્મ અપનાવવો પડશે. આપણે સૌ આપણી સંસ્કૃતિનાં મૂળ આધાર સ્તંભ જેવા ધર્મ, ભાષા, પહેરવેશ, અને ખાણીપીણી, આપણને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રાખે એ રીતે કરી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે નવા વર્ષમાં, તો સૌને મારા આજના દિવસને વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

ગુનેગાર ગુનો આચરી ભલે દુનિયાના કોઈપણ છેડે જતો રહે, પોલીસ ધારે તો શોધી જ કાઢે

# બીસ સાલ બાદઃ પત્નિનો હત્યારો પકડાયોઃ વેપારી બની બીજી સાથે રહેતો'તો!

## વર્ષ ૨૦૦૪માં પત્નિને આડાસંબંધ હોવાની શંકા પરથી ક્રુર હત્યા કરી ભાગી ગયો હતોઃ આગ્રામાં બિન્દાસ્ત જીવતો હતોઃ પોલીસે દબોચી લીધો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૦**

રાજકોટઃ ગુજરાત પોલીસ અવાર-નવાર એવા ગુનેગારોને શોધી કાઢ છે જે વર્ષો પહેલા ગંભીર ગુનાઓને અંજામ આપી ભાગી ગયા હોય છે. અમુક તો સાધુ બની ગયા હોય છે. તાજેતરમાં રાજકોટ ક્રાઈમ બ્રાંચે ડબલ મર્ડરના ગુનામાં વર્ષોથી ફરાર હત્યારાને યુપી ગાઝીયાબાદથી દબોચ્યો હતો. દરમિયાન વધુ એક કિસ્સામાં સુરત ક્રાઈમ બ્રાંચે એક એવા હત્યારાને દબોચ્યો છે જે વીસ વર્ષ પહેલા ચારીત્ર્ય પર શંકા કરી પત્નિની હત્યા કરી ભાગી ગયો હતો. તેને એમ હતું કે તે આબાદ છે હવે પોલીસ શોધી નહિ શકે. પણ પોલીસે તેને આગ્રાથી ઉઠાવી લીધો છે. અહિ તે બીજી યુવતિ સાથે લગ્ન કરી કરિયાણાની દૂકાન ચલાવતો હતો!

વિગતો પર નજર કરીએ તો વીસ વર્ષ પહેલા ચારિત્ર્ય બાબતે શંકા કરી પત્નીની હત્યા નિપજાવી ફરાર થયેલા પતિને પોલીસે આગ્રાથી ઝડપી પાડ્યો છે. આરોપી એરફોર્સનો પૂર્વ જવાન છે. જે વીસ વર્ષ પહેલા પત્નિની હત્યા કરી પોતાના પુત્રને લઈ ફરાર થઈ ગયો હતો. બાદમાં તે બીજા લગ્ન કરી આગ્રામાં કરિયાણાની દુકાન ચલાવવા લાગ્યો હતો. તે માનવા લાગ્યો હતો કે પોલીસ હવે ક્યારેય તેના સુધી નહીં પહોંચી શકે. પરંતુ, કહેવાય છે કે, કાનૂનના હાથ લાંબા હોય છે. તેવી જ રીતે સુરત પોલીસે આગ્રા પહોંચી તેને દબોચી લીધો હતો. પોલીસે જાહેર કરેલી વિગતો પર નજર કરીએ તો વર્ષ ૨૦૦૪માં રાંદેર વિસ્તારમાં એક મહિલાની હત્યા થઈ હતી. ૨૦૦૪માં રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આનંદ મંગલ સોસાયટીમા મકાનમાં ભાડેથી રહેતા યુવકે પોતાની પત્નીને કોઈ અગમ્ય કારણસર મારમારી મોતને ઘાટ ઉતારી હતી. ત્યારબાદ આરોપી મકાનનો દરવાજો લોક કરી પોતાના પુત્રને લઈ ગયો હતો. આ બાબતે તે વખતેં રાંદેર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસમાં આરોપીએ પોતાની પત્નિનું કથિત રીતે અનૈતિક સંબંધ હોવાના શંકાના આધારે તેની હત્યા કરી હતી. જેથી તેની શોધખોળ કરવામાં એવી હતી. જોકે છેલ્લા ૨૦ વર્ષથી ભાગતો ફરતો હતો. સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે આ મામલે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આરોપી સુધી પહોંચી હતી. લાંબી તપાસ બાદ આરોપી આગ્રામાં મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે જ પોતાની પત્નીની હત્યા કરી હતી. હત્યા બાદ તે આગ્રા આવીને બીજા લગ્ન કરીને રહેતો હતો.



પોલીસે વેશ પલટો કરી વોચ ગોઠવી ઉત્તર-દેશના આગ્રા શહેર ખાતેથી આરોપી વિનોદકુમાર મદનમોહન શર્મા (ઉ.વ. ૫૯ રહે. મકાન નંબર ૨૬૬, આવાસ વિકાસ કોલોની આગ્રા સેક્ટર-૦૩(એ) પ્રદુષણ વિભાગ પાસેથી ધરપકડ કરી હતી. આરોપીની વિગતવારની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે અગાઉ ચૌદ વર્ષ સુધી એરફોર્સમા નોકરી કરી ચૂક્યો છે. અને અમદાવાદમા પોસ્ટીંગ થતા પાડોશમા રહેતા ગુજરાતી મહીલા ઉર્મિલાબેન હીરાના કારખાનામાં નોકરી કરતી હોય તેની સાથે પ્રમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ બન્નેએ મંદીરમા ફુલહાર કરી અમદાવાદમા પ્રેમલગ્ન કર્યા હતા. બાદમા વિનોદકુમારની પોસ્ટીંગ બરેલી ખાતે થતા તેણે નોકરી છોડી પોતાની પત્ની સાથે હીરાના કારખાનામા નોકરી કરતો હતો. વધુ માહિતી અનુસાર અમદાવાદથી સુરત ખાતે આવી વિનોદ અને તેની પત્ની બન્ને વરાછા વિસ્તારમાં હીરાના કારખાનામાં નોકરી કરતા હતા. આ સાથે રાંદેર વિસ્તારમાં આનંદ મંગલ સોસાયટીમા ભાડાના મકાનમાં રહેતા હતા. જ્યા પાડોશમાં રહેતા અને મકાન માલીકના દુકાને કામકાજ કરતા વિનોદ શ્રીવાસ્તવ નામના ઇસમ સાથે ઉર્મીલબેનનો પ્રેમ સંબંધ બાંધાયો હતો. જેની જાણ પતિને થતા ડીસેમ્બર ૨૦૦૪માં પોતાની પત્નીના અનૈતીક સંબધોને લઇ તેણીની સાથે ઉગ્ર ઝગડો થયો હતો અને મકાનમાં રાખેલ લોખંડની પાઇપ વડે ઉર્મિલાને માથામા ઘા મારી મોતને ઘાટ ઉતારી હતી.

પતિ વિનોદે પત્નિની હત્યા કરી પોતાના દીકરા ચાર વર્ષના રાજશેખરને પોતાની સાથે સ્કુટર પર બેસાડી મકાનને લોક કરી નીકળી ગયો હતો. ત્યારબાદ સુરત રેલ્વે સ્ટેશન ખાતે સ્કુટર પાર્ક કરી બસ દ્વારા ઉદયપુર અને ત્યાથી આગ્રા પહોંચ્યો હતો અને થોડા સમય પછી ચિત્રાદેવી નામની મહીલા સાથે બીજા લગ્ન કરી છેલ્લા વીસ વર્ષથી આગ્રા શહેરમાં કરીયાણાની દુકાન ચલાવી ધંધો કરતો હતો. જો કે પોલીસે તેને આબાદ પકડી લીધો હતો. પોલીસ ધારે તો દુનિયાના કોઇપણ છેડે છુપાયેલા ગુનેગારને શોધી જ કાઢતી હોય છે. તે વાત વધુ એક વખત સાબિત થઇ છે.

# દારૂના બે દરોડામાં ૬ બોટલ સાથે ૩ પકડાયા

**રૂ.૨૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કરતી એરપોર્ટ - ડી.સી.બી પોલીસ**





રાજકોટ મીરર તા.૩૦

એરપોર્ટ તેમજ ડીસીબી પોલીસે બે સ્થળે દરોડા પાડી દારૂની ૬ બોટલ સાથે ૩ શાખોને ઝડપી લઈને રૂ. ૨૩,૪૦૦ના મુદ્દામાલ કબજે કરી ત્રણેય સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ડી.સી.બી. પોલીસ સ્ટેશન હેડ. કોન્સ. અનિલભાઈ સોનારા, કોન્સ. ધર્મરાજસિંહ રાણા, ધીરુભાઈ ગરચર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન મવડી ચોક પાસે પહોચ્યો ત્યારે બાતમી મળી હતી કે મવડી મેઈન રોડ, મવડી ફાયર સ્ટેશન પાસે ચેતન ચાવડા નામનો શખ્શ થેલીમાં વિદેશી દારૂની બોટલ સાથે ઉભો છે. બાતમી પરથી પોલીસે બાતમી વાળી જગ્યાએ પહોચી શકમંદ શખ્શની પુછપરછ કરતા પોતે ચેતન ઉર્ફે મોર બાબુભાઈ ચાવડા (રહે. રૂડા પંડિત દીન દયાળ ક્વાર્ટર નંબરઃ૧/૪૬ કોઠારીયા સોલવન્ટ) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તેમની પાસેની થેલી તપાસતા તેમાંથી વિદેશી દારૂની ૨ બોટલ મળતા રૂ. ૧૯૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં એરપોર્ટ પોલીસના કોન્સ. હુરમેશભાઈ ડાંગર, હેડ. કોન્સ. હેમંતભાઈ તળાવીયા, ભગીરથસિંહ ડોડીયા, કોન્સ. નરેશકુમાર ઝાલા, વિશ્વરાજસિંહ ઝાલા સહીતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે એક જીજે ૦૩ એનઆર ૭૩૦૧ નંબરના બાઈકમા બે શખ્શ વિદેશી દારૂની બોટલો સાથે નીકળ્યા છે. પોલીસે ચોટીલા તરફથી આ બાઈક આવતા રોકવાનો પ્રયાસ કરતા કાબુ ગુમાવી ભાગવા છતાં પડી ગયા હતા.પોલીસે આ શખ્શોની બાઈક તપાસ કરતા બાઈકમાંથી વિદેશી દારૂની ૪ બોટલ મળી હતી. આ તકે પોલીસે દારૂ અને બાઈક સાથે રૂ. ૨૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

ઠગાઈની રોજબરોજ બનતી ઘટનાઓ વચ્ચે રાજકોટ શહેરમાં સામે આવી ચોંકાવનારી ઘટના

# દોસ્ત બન્યો દગાખોરઃ કાવત્રુ ઘડી ચાલીસ લાખની કાર બારોબાર વેંચી મારી

## અટીકા વિસ્તારમાં રહેતાં યુવાનના પિતાનું અવસાન થયું ત્યારે કાર મિત્ર પાસે હતીઃ મિત્રએ ખોટા ડોક્યુમેન્ટ ઉભા કરી આરટીઓમાં રજૂ કરી માત્ર છ લાખમાં કાર મુંબઈના શખ્સને આપી દીધી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૦**

રાજકોટઃ ઠગાઈના કિસ્સાઓ અવાર-નવાર બનતા રહે છે અને પોલીસ એફઆઈઆર દાખલ કરી તપાસ કરતી રહે છે. દરમિયાન રાજકોટના એક યુવાન સાથે તેના જ ભાગીદાર કમ મિત્રએ ફ્રોડ કરી દોસ્તીમાં દગાખોરી આચરી હતી. આ યુવાનની તેણે લોનથી લીધેલી ચાલીસ લાખની કાર મિત્રએ બારોબાર નકલી કાગળો ઉભા કરી આરટીઓમાં ના મ ટ્રાનસફર માટે રજૂ કરી બારોબાર મુંબઈમાં માત્ર છ લાખમાં વેંચી મારતાં આ મામલે બી-ડિવીઝન પોલીસે એફઆઈઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ તપાસમાં આ પ્રકારે કારને બારોબાર વેંચી મારવાનું જબરૂ કારસ્તાન ખુલવાની શક્યતા ભોગ બનનારે દર્શાવી છે.

વિગતો પર નજર કરીએ તો અટીકા સાઉથ લાલ બહાદુર સોસાયટીમાં રહેતાં યુવાનની ચાલીસ લાખની કાર તેના જ ભાગીદાર મિત્રએ બારોબાર ખોટા દસ્તાવેજો ઉભા કરી ભાવનગરના પોતાના મિત્ર મારફત મુંબઈના શખ્સને માત્ર છ લાખમાં વેંચી નાંખતાં આ મામલે ફરિયાદ થઇ છે.આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે અટીકા લાલ બહાદુર સોસાયટી-૨ ઢેબર રોડ સાઉથમાં રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના ક્રિપાલસિંહ મનોહરસિંહ જાડેજાની ફરિયાદ પરથી પીડીએમ કોલેજ પાછળ કૃષ્ણનગર-૩ બગીચાની સામે સ્વામિનારાયણ ચોકમાં રહેતાં તેના જ મિત્ર કૃણાલ નવીનભાઇ પાટડીયા, ભાવનગરના ગજેન્દ્રસિંહ રાણા અને મુંબઇ થાણેના ઈમરાન તથા નોટરી રૂબરૂ વેંચાણ કરાર કરી આપનાર શખ્સ અને તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી છે. ક્રિપાલસિંહ જાડેજાએ જણાવ્યું છે કે મેં બીકોમ એલએલબી સુધીનો અભ્યાસ કર્યો છે. હું ખેતી કરી ગુજરાન ચલાવુ છું અને મારુ મુળ વતન રાજકોટનું વડાળી ગામ છે. વર્ષ ૨૦૨૨માં મારા મિત્ર કૃણાલ નવીનભાઇ પાટડીયા (રહે. કૃષ્ણનગર, સ્વામિનારાયણ ચોક) તથા મહેન્દ્રસિંહ લાલુભા જાડેજા (રહે. આરકે નગર રાજકોટ), જયેશભાઇ દામજીભાઇ ભુત (રહે. નંદા હોલ પાસે), અમૃતભાઇ અશોકભાઇ રાવળ (રહે. ન્યુ સુભાષનગર કોઠારીયા રોડ), ચિરાગભાઇ પ્રવિણભાઇ વોરા (રહે. મવડી રામધણ પાછળ)ની સાથે ભાગીદારીમાં ક્રાઉડ ફન્ડીંગની કંપની નાના મવા રોડ નાઇન સ્ક્વેર ખાતે શરૂ કરી હતી.

એ કંપની રજીસ્ટર થયેલી હતી. ઓફિસમાં બેસી અમે બધા કામકાજ કરતાં હતાં. ગત તા. ૭/૬/૨૦૨૨ના મેં એક કીયા કાર્નીવલ કાર જીજે૦૩એમએલ-૫૧૩૯ લીધી હતી.




**ભોગ બનનાર ક્રિપાલસિંહ જાડેજા કહે છે-તપાસ થશે તો આ પ્રકારે કાર બારોબાર વેંચી નાખવાનું જબરૂ કારસતાન ખુલ્લુ પડશેઃ બી-ડિવીઝન પોલીસ શોધી રહી છે ચાર શખ્સોને**

આ માટે મેં રૂા. ૨૪ લાખની લોન મેં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર સામેથી લીધી હતી. ગાડીના ડાઉન પેમેન્ટ પેટે ૧૬ લાખ ભર્યા હતાં. કારની કિમત રૂા. ૪૦ લાખ હતી. આ કારનો ઉપયોગ હું અને મિત્ર કૃણાલ પાટડીયા ઓફિસના કામ માટે કરતાં હતાં. અમે ઓફિસ તરફથી એક ડ્રાઈવર અલ્તાફ અકબર પીલુડીયા (રહે. નાના મવા સર્કલ પાસે ક્વાર્ટર)ને રાખ્યો હતો. તા. ૧૭/૬/૨૩ના રોજ અમારી કંપની વિરૂધ્ધમાં છેતરપીંડી વિશ્વાસઘાતની ફરિયાદ ડીસીબી પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં મારા બધા ભાગીદાર ભાગી ગયા હતાં. દરમિયાન ૧૮/૬/૨૩ના રોજ મારા પિતાજીનું અવસાન થતાં તેમની ઉત્તરક્રિયામાં રોકાયો હતો. તે વખતે મારી કાર કૃણાલ પાસે હતી. ત્યારબાદ મારે કારની જરૂરીયાત ઉભી થતાં મેં કૃણાલને ફોન જોડ્યો હતો. પરંતુ વારંવાર ફોન કરવા છતાં તે ફોન રિસીવ કરતો નહોતો. ઓગષ્ટ-૨૦૨૩માં મેં અમારા ડ્રાઈવર અલ્તાફ પીલુડીયાને રૂબરૂ મળી ગાડી બાબતે પુછતાં કહેલુ કે હું કૃણાલ સાથે ગાડી લઇ ભાવનગર ગયો હતો. એ પછી કૃણાલે ગાડી તેની પાસે રાખી લેતાં હું ભાવનગરથી બસમાં રાજકોટ આવી ગયો હતો. એ પછી થોડા દિવસ બાદ કૃણાલે ફોન કરી મારી પાસે ગાડીની બીજી ચાવી હતી તે પણ આજીડેમ ચોકડીએ ગજેન્દ્રસિંહ વાળાને આપી દેવાનું કહેતાં મેં બીજી ચાવી પણ ત્યાં આપી દીધી હતી. ફરિયાદમાં ક્રિપાલસિંહે આગળ જણાવ્યું છે કે આ પછી હું ડીસીબીમાં નોંધાયેલા અમારી કંપની વિરૂધ્ધના ગુનામાં ફેબ્રુઆરી-૨૦૨૪માં હાજર થયો હતો. બાદમાં ગજેન્દ્રસિંહ વાળા જે મારા મિત્ર કૃણાલનો મિત્ર હોઇ અને તેની પાસે આવતાં હોઇ જેથી તે મને રાજકોટ રૂબરૂ મળતાં તેણે કહેલુ કે ગાડી ભાવગનરના તૌફિકને વેંચી નાખી છે, ગાડી હવે ભુલી જવાની છે. આ બાબતે મેં કૃણાલ વિરૂધ્ધ માર્ચ-૨૦૨૪માં પોલીસ કમિશનરને અરજી કરી હતી. દરમિયાન ૧૨/૭/૨૩ના રોજ મને યુનિયન બેંક તરફથી નોટીસ આવી હતી. જેના આધારે મને ખબર પડી હતી કે ગાડીનું હાયપોથીકેશન (બોજો હટાવી) ગાડી રાજકોટ આરટીઓમાંથી મહારાષ્ટ્ર આરટીઓમાં ટ્રાન્સફર કરાવવા અરજી થઇ છે. આથી મેં આરટીઓમાં તપાસ કરતાં ત્યાં મારા નામે બોગસ આધારકાર્ડ, બોગસ પાનકાર્ડ રજૂ કરી બેંકની એનઓસી, ટીટીઓ ફોર્મમાં મારા નામની ખોટી સહીઓ કરાયેલી જોવા મળી હતી. મેં આવા કાગળો કે અરજી કર્યા ન હોઇ વધુ તપાસ કરતાં ખબર પડી હતી કે મારા નામના પાન કાર્ડ, આધાર કાર્ડ એડીટ કરી ૪/૭/૨૩ની બેંકની ખોટી એનઓસી તથા બોગસ ટીટીઓ ફોર્મ અને અન્ય ડોક્યુમેન્ટમાં સહીઓ કરી મારા નામની ગાડી મુંબઇ ભારતનગર ચાલી નં. ૪૪, અંજુમન કોમ્યુનિટીની બાજુમાં બાંદ્રા ખાતે રહેતાં મહમદવસીમ મહમદ અબ્બાસ શેખના નામે કરવા અરજી થઇ છે.

ફરિયાદીએ આગળ જણાવ્યું હતું કે મારા નામે થયેલી અરજી બાબતે તપાસ કરતાં આરટીઓ પાછળ શ્રીરામ સોસાયટીમાં રહેતાં પાવક વૃંદાવનભાઇ પડીયાએ કહ્યું હતું કે-તેને આરટીઓમાં રજુ કરેલા તમામ ડોક્યુમેન્ટ બોટાદ મુસ્લિમ સોસાયટીમાં રહેતાં મુરાદ મહેમુદબાઇ બાવળીયાએ મોકલ્યા હતાં. તેમજ મુરાદને આ ડોક્યુમેન્ટ મુંબઇના ઇમરાને મોકલ્યાની વ્ગિતો મળી હતી. મારા નામે બે નોટરાઇઝ સોંગદનામા રજૂ થયા હતાં. જેમાં એક સોગંદનામુ ભાવનગર ખાતે ૨૩/૬/૨૩ના રોજ જેમાં પક્ષકાર તરીકે મારુ નામ હતું પણ ફોટો કોઇ બીજાનો હતો અને સહી પણ બીજાની હતી. બીજા પક્ષકાર તરીકે ઈફરાનખાન બાબાસાહેબનું નામ હતું, તેમા બીજા પક્ષકાર મહેશ વામન ચવ્હાન છે. આના પરથી મને ખબર પડી હતી કે મારી ૪૦ લાખની કિમતની કાર મારા મિત્ર ભાગીદાર કૃણાલ પાટડીયાએ ભાવનગરના તેના મિત્ર ગજેન્દ્રસિંહ વાળા સાથે મળી મારા નામના ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટી સહીઓ કરી નર્મદાના રેંગણના ઈરફાન બાબાસાહેબ દાયમાના નામનો વેંચાણ કરાર ઉભો કરી મુંબઇના ઇમરાનના નામે કરવા આરટીઓમાં ખોટા દસ્તાવેજો રજુ કર્યા છે. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેની રાહબરીમાં પીએસઆઇ વી. એચ. પરમારે ગુનો દાખલ કર્યો છે અને તપાસ શરૂ કરી છે.

ઓગણત્રીસ વર્ષના યુવાનને જેની સાથે લવ હતો તે યુવતિના બીજા લગ્ન થઇ જતાં સંબંધ પુરો કર્યો હતોઃ પણ યુવતિના ભાઇ, પતિએ મનદુઃખ રાખી સમાધાનની વાત કરાવવા બોલાવી ક્રુર કાવત્રુ પાર પાડ્યું

# યુવાનને ભાઇ અને પુર્વ પ્રેમિકાની નજર સામે રહેંસી નંખાયો

## હુમલામાં ગંભીર રીતે ઘાયલ પોરબંદરના યુવાને રાજકોટની હોસ્પિટલમાં દમ તોડ્યોઃ ચાર શખ્સો સામે પોલીસે કરી કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩૦**

રાજકોટઃ પ્રેમ પ્રકરણ કે જે જુના હોય કે નવા હોય તેમાં ઘણીવાર ડખ્ખા થઇ જતાં હોય છે. આવી લવસ્ટોરીઓ ઘણીવાર લોહીયાળ પણ બની જતી હોય છે. આવા કારણોસર વધુ એક યુવાનની હત્યા થઇ છે. ઓગણત્રીસ વર્ષના યુવાનને એક યુવતિ સાથે પ્રેમ હતો. પરંતુ તેણીના લગ્ન બીજે થઇ જતાં તેણે સંબંધ તોડી નાંખ્યો હતો. આમ છતાં યુવતિના ભાઇ, પતિ સહિતને આ વાત કઠતી હોઇ મનદુઃખ રાખ્યું હતું. દરમિયાન આ યુવાનને સમાધાનની વાત કરવા બોલાવ્યા બાદ તેના ભાઇ અને મિત્રની નજર સામે જ ધોકા-પાઇપના બેફામ ઘા ફટકારી અધમુઓ કરી નાખ્યો હતો. યુવાને સારવારમાં દમ તોડી દેતાં ઘટના હત્યામાં પલ્ટાઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના પોરબંદર બોખીરામાં બની છે. અહિ રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં ઓગણત્રીસ વર્ષના યુવાનને રાણાવાવની યુવતિ સાથે અગાઉ પ્રેમસંબંધ હોઇ તેણીના લગ્ન થઇ ગયા બાદ સંબંધ પુરો કરી નાંખ્યો હતો. પરંતુ આ બાબતે તેણીના ભાઇ, પતિએ સમાધાનની વાત કરવાના બહાને બોખીરા જ્યુબીલી પાણીના ટાંકા પાસે આ યુવાનને બોલાવતાં તે પોતાના ભાઇ અને મિત્ર સાથે ત્યાં જતાં પુર્વ પ્રેમિકા, તેના ભાઇ, પતિ સહિતના આવ્યા હતાં અને આ યુવાન પર તેના ભાઇ-મિત્રની નજર સામે જ આડેધડ ધોકા-પાઇપના ઘા કરતાં તેને ગંભીર ઇજા થઇ હતી. હત્યાની કોશિષનો ગુનો પોલીસે દાખલ કર્યા બાદ આ યુવાને રાજકોટમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લઇ લેતાં પોલીસે હત્યાની કલમ ઉમેરી આરોપીઓને પકડી લેવા તજવીજ આદરી હતી.

પોલીસ દફ્તરેથી પ્રાપ્ત માહિતી અનુસાર આ બનાવમાં પોરબંદર ઉદ્યોગનગર પોલીસે હત્યાનો ભોગ બનનાર હિતેષ ઉર્ફ હિરેન ભનાભાઇ કારાવદરાના નાના ભાઇ પોરબંદર બોખીરામાં જ્યુબીલી કસ્તુરબા સ્કૂલ પાસે રહેતાં કરણ ભનાભાઇ કારાવદરાની ફરિયાદ પરથી પોરબંદરના સંજય મોઢવાડીયા, રમેશ કેશવાલા, રાહુલ ઉર્ફ લીખો અને અજાણ્યા સામે બીએનએસની હત્યાની કોશિષ હેઠળ ગુનો નોંધ્યો હતો. પરંતુ હિતેષ ઉર્ફ હિરેનનું મોત થતાં હત્યાની કલમનો ઉમેરો કર્યો છે.



કરણ કારાવદરાએ જણાવ્યું છે કે રવિવારે બપોરે સાડા બારેક વાગ્યે મારા મોટા ભાઇ હિતેશ ઉર્ફ હિરેને મને વાત કરી હતી કે રાણાવવની હેતલ મોઢવાડીયા સાથે મારે અગાઉ પ્રેમસંબંધ હતો. હેતલના લગ્ન થઇ ગયા બાદ મારે તેની સાથે સંબંધ પુરો થઇ ગયો છે. પણ આજે હેતલના ભાઇ સંજય મોઢવાડીયા અને હેતલના પતિ રમેશ કેશવાલાનો મને ફોન આવ્યો છે અને મને સમાધાન માટે ત્રણ માઇલ ખાતે આવવા કહે છે.

આથી મેં મારા ભાઇને કહેલુ કે તું એ લોકોને બોખીરામાં બોલાવી લે, આપણે ત્યાં જવું નથી. ત્યારબાદ ફરી વખત સંજયનો ફોન મારા ભાઇને આવતાં તેણે બોખીરા જ્યુબીલીમાં પાણીના ટાંકા પાસે આવવાનું કહ્યું હતું. આ પછી બપોરે સાડા ત્રણેક વાગ્યે હું, મારો ભાઇ હિતેષ ઉર્ફ હિરેન અને તેનો મિત્ર લાલો એમ ત્રણેય બોખીરા જ્યુબીલી પાણીના ટાંકા પાસે બેઠા હતાં. આ વખતે સાંજે ચારેક વાગ્યે એક બાઇક પર સંજય મોઢવાડીયા અને રાહુલ ઉર્ફ લીખો અને સંજયની બહેન હેતલ આવ્યા હતાં. આ ત્રણેય અમારી પાસે આવતાં હુ.ઉભો થઇ તેની પાસે જતાં પાછળથી રમેશ કેશવાલા અને એક અજાણ્યો આવી ગયા હતાં.

જેના હાથમાં લોખંડના પાઇપ હતાં. આથી મેં મારા ભાઇ હિરનને બૂમ પાડી ભાગવાનું કહ્યું હતું. હિરેન અને તેનો મિત્ર લાલો ત્યાથી દોડીને ભાગવા જતાં સંજય મોઢવાડીયાએ રમેશ પાસેથી લોખંડનો પાઇપ ખેંચી મારા ભાઇ હિરેનને માથામાં ઘા મારી પછાડી દીધો હતો. ત્યારબાદ ત્રણેય જણાએ પાઇપથી અને રાહુલ ઉર્ફ લીખાએ ધોકાથી મારા ભાઇને આડેધડ માર મારતાં તે લોહીલુહાણ થઇ બેભાન થઇ ગયો હતો. આ પછી આ બધા ભાગી ગયા હતાં. મારા ભાઇને ગંભીર ઇજા થઇ હોઇ હું મારા ભાઇ પાસે ગયો હતો અને તેને રિક્ષામાં બેસાડી સરકારી દવાખાને લઇ ગયો હતો. મારા ભાઇ હિતેશ ઉર્ફ હિરેનને રાણાવાવની હેતલ મોઢવાડીયા સાથે અગાઉ પ્રેમસંબંધ હતો. જે વાતનું મનદુઃખ રાખી તેણીના ભાઇ સંજય, તેણીના પતિ રમેશ અને રાહુલ ઉર્ફ લીખો તથા અજાણ્યાએ મારા ભાઇને મારી નાખવાના ઇરાદે પાઇપ, ધોકાના ઘા ફટકારી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

કરણે વધુમાં જણાવ્યું હતું કે મારા ભાઇને વધુ સારવાર માટે અમે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતાં. અહિ તેનું મૃત્યુ થયું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચે ઉદ્યોગનગર પોલીસને જાણ કરતાં પીએસઆઇ એસ.આર. જાડેજા સહિતની ટીમે હત્યાની કલમનો ઉમેરો કરવા કાર્યવાહી કરી હતી.

આમ જુના પ્રેમપ્રકરણને કારણે એક પરિવારના આધારસ્તંભ યુવાન દિકરાની હત્યા થઇ હતી. હત્યામાં પુર્વ પ્રેમિકા હેતલ પણ સામેલ હોઇ તેનું પણ આરોપીમાં નામ ઉમેરવા મૃતકના પરિવારજનોએ પોલીસ સમક્ષ માંગણી કરી હતી.

# TPO સાગઠિયાની ૨૮ કરોડની અપ્રમાણસર મિલ્કતો જપ્ત કરવા કોર્ટમાં અરજી

## સરકાર દ્વારા ભ્રષ્ટાચારી ટીપીઓની મિલ્કતો ટાંચમાં લેવા થોડા સમય પહેલાં જ મંજૂરી આપી'તી, હવે કરાશે કડક કાર્યવાહી



રાજકોટ મિરર, તા.૩૦

તાજેતરમાંજ સરકાર દ્વારા રાજકોટના બહુચર્ચિત અગ્નિકાંડમાં સંડોવાયેલા ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા બહાર આવેલી અપ્રમાણસર મિલકત ટાંચમાં લેવા સરકારે મંજુરી આપ્યા બાદ આજે એસીબીએ અપ્રમાણસર મિલ્કતના ગુના હેઠળ ઝડપેલી સાગઠીયાની ૨૮ કરોડની મિલ્કતો જપ્તી કરવા ખાસ અદાલતમાં અરજી રજુ કરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ટી.આર.પી. ગેમઝોનના અગ્નીકાંડ બાદ મહાનગર પાલિકાના સસ્પેન્ડેડ ટી.પી.ઓ. મનસુખ સાગઠીયાની સામે થયેલા ભ્રષ્ટાચારના કેસોની તપાસ દરમ્યાન ૨૮ કરોડની મિલ્કતો જપ્ત કરેલી અને જંગલ મિલ્કતો સાથે કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કર્યું હતુ. આ મિલ્કતો સબંધે તેઓ સંતોષકારક જવાબ રજુ ન કરી શકતા અને મિલ્કતો તેમની આવકો કરતા ૬૦ ગણી અપ્રમાણસર હોવાનું બહાર આવ્યું હતુ. આ સબંધે તપાસનીશ અમલદારે સરકારને દરખાસ્ત કરી હતી. તે અનુસંધાને રાજ્ય સરકારે આ મિલ્કતો સબંધે મનાઈ હુકમ માંગી મિલ્કતો જપ્ત કરી સરકાર ખાલસા કરવા રાજકોટની ખાસ અદાલત સમક્ષ અરજી રજુ કરી છે.

આ અરજી સબંધે સ્પે. પી.પી. મારફત દરખાસ્ત કરવામાં આવેલ છે કે જે સ્થાવર મિલ્કતોને જપ્ત કરી શકાઈ નથી તે મિલ્કતો આરોપી સાગઠીયા કોઈપણ પ્રકારે તબદીલ કરી નાખે તો કોઈ અજાણ્યા કે નિર્દોષ માણસને વીના કારણે મુશ્કેલી થાય અને અલગ અલગ પ્રકારની અરજીઓના નિકાલ કરવાની પરિસ્થિતી ઉત્પન થઇ શકે તેમ છે. આ સંજોગોમાં પી.પી. એ અરજી કરેલી છે કે હાલની આ અરજીની નોટીસ રાજકોટના સબરજીસ્ટ્રાર તથા આર. ટી.ઓ.ને પણ કરવામાં આવી હતી. પરિણામે સ્થાવર મિલ્કતની જપ્તીની કાર્યવાહી દરમીયાન જો આરોપી મનસુખ સાગઠીયા આ મિલ્કત તબદીલ કરવાનો કોઈપણ પ્રકારનો દસ્તાવેજ રજુ કરે તો આવા દસ્તાવેજો રજુ થયાની જાણ આ અધિકારીઓ અદાલતને તાત્કાલિક કરી શકે. આરોપી સાગઠીયા સામેની આ અરજીમાં સ્પે.પી.પી. તરીકે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ છે.

નાગેશ્વરમાં રહેતો સંદિપગીરી ગોસ્વામી 'હું મિત્ર હસમુખ વ્યાસ સાથે બોમ્બે જાઉ છું, એક કામ છે, આપણે રૂપિયાવાળા થઇ જાશું' તેમ પત્નિને કહીને નીકળ્યોઃ પછી પત્નિએ ફોન કરતાં પતિએ નહિ પણ હસમુખે ઉપાડ્યો અને કહ્યું-હવે તમારો પતિ પાછો નહિ આવે!

# ખોફનાક મર્ડર મિસ્ટ્રીઃ મિત્રએ મિત્રને પતાવી સળગાવી દીધી'તી લાશ

## રાજકોટ મોરબી રોડ પર સદ્ગુરૂ સોસાયટીમાં રહેતાં હસમુખ વ્યાસે જામનગર રોડ નાગેશ્વરમાં રહેતાં મિત્ર સંદિપગીરીને લાલચ આપી પોતાના મુળ વતન મોટા મહિકા લઇ જઇ સગીરની મદદથી ટૂંપો દઇ પતાવી પેટ્રોલ છાંટી લાશ સળગાવી દીધી હતી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩૦**

રાજકોટઃ સસ્પેન્સ થ્રીલર ફિલ્મ કે વેબ સિરીઝને પણ પાછળ રાખી દે તેવી સત્ય ઘટના સામે આવી છે. ચોંકાવનારી ખળભળાટ મચાવનારી મર્ડર મિસ્ટ્રી રાજકોટ રૂરલ પોલીસે ઉકેલી છે. ગોંડલના મોટા મહિકા ગામે બે દિવસ પુર્વે ખંઢેર જેવા મકાનમાંથી એક અર્ધબળેલી લાશ મળી હતી. પ્રાથમિક તપાસમાં આ લાશ જેનું આ મકાન હતું એ રાજકોટના આધેડ હસમુખ વ્યાસની હોવાની વિગતો સામે આવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પરંતુ પોસ્ટમોર્ટમ થતાં ગળાટૂંપો આપી હત્યા કરાયાનું ખુલતાં પોલીસ ચકરાવે ચડી હતી. જેની લાશ હોવાનું મનાતુ હતું એ આધેડના ઘરે પોલીસ પહોંચતા તેના પત્નિએ મારા પતિ તો રાતે ઘર હતાં! તેમ કહેતાં જ પોલીસ કામે લાગી હતી. જેની લાશ હોવાનું મનાય છે એ ઘરે હતાં તો બળેલી લાશ કોની? તે તપાસ થતાં સત્ય સામે આવ્યું તે જાણી પોલીસ પણ ચોંકી ગઇ હતી. આ લાશ રાજકોટના હસમુખની નહિ પણ તેના મિત્ર સંદિપગીરીની હતી અને વિમો પકવવાના કાવતરા કે તાંત્રિકવિધીના ઓઠા તળે હસમુખે પોતાના જ મિત્રને પતાવી પોતે મરી ગયો છે તેવો પ્લાન ઘડ્યો હોવાનું ખુલ્યુ હતું.રાજકોટ ગોંડલ સહિત સૌરાષ્ટ્રભરમાં ખળભળાટ મચાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલ તાલુકાનાં મોટા મહીકા ગામે ખંઢેર બનેલા રહેણાંક મકાનમાંથી બે દિવસ પુર્વે અર્ધ સળગેલી હાલતમાં પુરુષની લાશ મળી આવતા તાલુકા પોલીસ તથા એલસીબી મોટા મહીકા દોડી ગઇ હતી અને બનાવ શંકાસ્પદ હોઇ મૃતદેહ ને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો હતો. જે તે વખતે ગ્રામજનોએ કહ્યું હતું કે આ ખંઢેર બની ગયેલુ મકાન રાજકોટ રહેતાં હસમુખ મુળશંકર વ્યાસનું છે અને તેનો માતાજીનો મઢ અહિ હોઇ તે અવાર-નવાર દર્શન કરવા આવે છે. હાલમાં પણ તે આવ્યા હતાં અને પડોશી પાસેથી કોથળો માંગ્યો હતો. કદાચ તેણે જ સળગીને આપઘાત કરી લીધો હશે. આથી પોલીસ હસમુખ વ્યાસે આપઘાત કર્યાની શંકાએ આગળ વધી હતી. તેનું ઘર રાજકોટ મોરબી રોડ સદ્ગુરૂ સોસાયટીમાં હોવાની વિગતો મહામહેનતે મળતાં પોલીસ ગઇકાલે તેના ઘરે પહોંચી ત્યારે તેના પત્નિએ મારા પતિ તો ગત રાતે ઘરે હતાં તેમ કહેતાં પોલીસ ચકરાવે ચડી હતી.

જો હસમુખ વ્યાસ ઘરે હતા તો સળગેલી લાશ કોની? તેની તપાસ પોલીસે શરૂ કરી હતી. એ દરમિયાન હસમુખના કોલ ડિટેઇલ અને છેલ્લે તેણે કયાં કોની સાથે વાત કરી તેની તપાસ પણ આદરાઇ હતી. એ દરમિયાન ઇન્ચાર્જ રૂરલ એસપી કે. જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ રૂરલ એલસીબીના પોલીસ ઇન્સ્પેકટર વિજય ઓડેદરા તથા ગોંડલ તાલુકાના પોલીસ ઇન્સ્પેક્ટ રજે.પી.રાવ સહીતની ટીમે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ કર્યો હતો. તપાસમાં વિગતો ખુલી હતી કે જે બળેલી લાશ મળી હતી તે હસમુખની નહિ પણ તેના મિત્ર સંદિપગીરી ગોસ્વામીની હતી અને સંદિપગીરી રાજકોટ નાગેશ્વરમાં રહે છે. આથી પોલીસે તેના પત્નિ સહિતને જાણ કરી ગોંડલ બોલાવી તપાસ કરતાં ચોંકાવનારી મર્ડર મિસ્ટ્રીનો પર્દાફાશ થયો હતો.

સંદીપગીરી ગોસ્વામીને મિત્ર હસમુખ વ્યાસે વિમો પકવવા માટે અથવા તાંત્રીક વિધિ માટે પોતાને મૃત બતાવવા ગળાટુંપો દઇ મોતને ઘાટ ઉતારી એક સગીરની મદદથી લાશને પેટ્રોલ છાંટી સળગાવી દીધાનું ખુલ્યું હતુ. આ બનાવમાં ગોંડલ તાલુકા પોલીસે મૃતક સંદીપગીરીના પત્નિ






**વિમો પકાવવા કે તાંત્રિકવિધીના ભાગરૂપે હસમુખે મિત્રને રહેંસી નાંખી પોતે મરી ગયો છે એવી એલીબી ઉભી કરીઃ પણ પોલીસ હસમુખના ઘરે ગઇ ત્યારે તેની પત્નિએ કહ્યું-રાતે મારા પતિ મારી સાથે હતાં! પછી તપાસનો ધમધમાટ શરૂ થયો અને સળગેલી લાશના રહસ્ય પરથી પરદો ઉંચકાયો**

ગાયત્રીબેનની ફરીયાદ ઉપરથી આરોપી હસમુખ ઉર્ફે હર્ષદ મુળશંકરભાઇ ધાનજા (વ્યાસ) તથા એક સગીર આરોપી સામે હત્યાનો ગુન્હો દાખલ કરી નાસી છુટેલ આરોપી હસમુખની શોધખોળ હાથ ધરી છે. આરોપી હસમુખ પકડાયા બાદ આ ખોફનાક કાવત્રા અંગે વધુ પર્દાફાશ થશે. મિત્રના હાથે હત્યાનો ભોગ બનેલા સંદીપગીરી અમૃતગીરી ગોસ્વામીના પત્ની ગાયત્રીબેન ગોસ્વામી (રહે. નાગેશ્વર, શાંતિનગર-૧ ભવન બી-વીંગ-૪૦૨, રાજકોટ) એ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં આરોપી હસમુખ ધાનજા તથા સગીર આરોપી સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૫ના રોજ પોતાના બ્યુટી પાર્લરે હસમુખ આવ્યો હતો અને ત્યાંથી મારા પતિ સંદીપગીરી સાથે ફોનમાં વાત કરી હતી. આ વાત પુરી થયા બાદ ગાયત્રીબેને તેના પતિને પુછતા તેણે જણાવેલ કે હસમુખનો ફોન હતો અને અમારે બંન્નેને ધંધાકીય કામ માટે બોમ્બે જવાનું છે. ટુંક સમયમાં આપણે રૂપીયાવાળા થઇ જઇશું. ત્યાર બાદ મારા પતિ ઘરેથી નિકળી ગયેલ હતા. ત્રણેક વાગ્યે પતિને ફોન કરતા પતિ સંદીપગીરીએ કહેલ કે હસમુખ વ્યાસ અને તેના સગીર મિત્ર સહીત અમે ત્રણેય અત્યારે હસમુખભાઇના ગામ મોટા મહિકા જવાના છીએ ત્યાંથી અમે બોમ્બે જવા નિકળી જશું. ત્યાર બાદ સાંજના ૬.૩૦ વાગ્યે પતિ સંદીપગીરીને ફોન કરતા તેણે કહેલ કે મોટા મહીકા ગામે હસમુખના જુના ઘરે આવેલ છીએ. તું મારી કાંઇ ઉપાધી કરતી નહિ. ત્યાર પછી સાજના સવા આઠ વાગ્યે ફરી પતિ સંદીપગીરીને ફોન કરતા આ ફોન હસમુખે ઉપાડેલ અને કહેલ કે તમારા પતિ સંદીપગીરી હવે ઘરે પાછા આવશે નહિ. જેથી ગાયત્રીબેને તમે મારા પતિને ઘરે મુકી જાવ તેવું કહેતા હસમુખે ફોન કાપી નાખ્યો હતો. ત્યાર બાદ મોડી રાત્રે ગાયત્રીબેને તેના પતિ સંદીપગીરીને ફોન કરતા ફોન બંધ આવતો હતો. બે-ત્રણ દિવસ સુધી અવાર નવાર ફોન કરવા છતાં ફોન બંધ આવતો હોય પતિ સંદીપગીરી બોમ્બે હશે એટલે ફોન નહિ લાગતો હોય તેમ ધારી લીધું હતું. આ દરમિયાન ગત તા. ૨૯ના રોજ ગોંડલ તાલુકા પોલીસ મથકે મને બોલાવતા ત્યાં મારા પતિની હસમુખ તથા તેની સાથેના સગીરે હત્યા કર્યાની જાણ થઇ હતી. આ બંનેએ કયા કારણોસર મારા પતિની હત્યા કરેલ છે તે મને જાણ નથી.હત્યાનો ભોગ બનનાર સંદીપભાઇની પત્ની ગાયત્રીબેન માધાપર ગેટ પાસે ભાડાની દુકાનમાં બ્યુટી પાર્લર ચલાવે છે. સંતાનમાં બે પુત્રીઓ છે. જેણે પિતાની છત્રછાયા ગુમાવી દેતા કલ્પાંત સર્જાયો છે. હત્યામાં મદદગારી કરનાર સગીર હસમુખ વ્યાસના પાડોશમાં રહે છે અને તેને હસમુખે કામ અપાવવાના બહાને મોટા મહીકા સાથે લઇ જઇ મિત્ર સંદીપભાઇની હત્યામાં સામેલ કર્યો હતો. આ કાવત્રાને અંજામ આપી હસમુખ અને સગીર છુટા પડી ગયા હતાં. હસમુખ પકડાયા બાદ સાચુ કારણ સામે આવશે.

### એરપોર્ટ પોલીસ સ્ટેશન હેઠળની ઈન્ડિયન પેલેસ હોટેલના પટાંગણમાં ઉતારૂના સ્વાંગમાં ઉતરતાં હતાં જૂગારરસિકો

# હોટેલના પટમાં ચાલતો'તો યંત્ર પર જૂગાર: SMCએ ૯ને દબોચ્યા

## કુવાડવાના ઈરફાને ચાલુ કર્યો હતો જૂગારનો અડ્ડો: કુલ બાર લાખનો મુદ્દામાલ થયો કબ્જે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૦**

રાજકોટ: શહેરના રાજકોટ અમદાવાદ હાઇવે પર કુવાડવાથી આગળ એરપોર્ટ પોલીસ સ્ટેશનની હદમાં આવતી ઇન્ડિયન પેલેસ હોટેલમાં ઉતારૂઓ આવતાં હોવાની સાથે સાથે જૂગાર રસિકો પણ ઉતરતા હોઇ અને કુવાડવાનો એક શખ્સ યંત્ર આધારીત જૂગારધામ ચલાવતો હોવાની બાતમી એસએમસી (સ્ટેટ મોનીટરીંગ સેલ)ને મળતાં દરોડો પાડી નવ જણાને પકડી લઇ કુલ રૂપિયા બાર લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરતાં ચકચાર જાગી છે. સ્થાનિક પોલીસ આ કેસમાં ઉંઘતી ઝપટે ચડી ગઇ હતી. અહિ છેક અમદાવાદ, રાજકોટ, ચોટીલાથી જૂગાર રસિકો રમવા આવતાં હતા. કેટલા સમયથી આ અવળાધંધા ચાલુ હતાં તેની તપાસ થઇ રહી છે.સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમો રાજકોટમાં અવાર-નવાર દારૂ જૂગારના દરોડા પાડતી રહે છે. વધુ એક વખત ડીવાયએસપી કામરીયાની સુચનાથી પીએસઆઇ કે.એચ. જનકાંતની ટુકડી ત્રાટકી હતી. આ વખતે રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર કુચીયાદડ ગામના પાટીયા પાસે આવેલી હોટલ ઇન્ડીયા પેલેસના ખુલ્લા મેદાનમાં ચાલતા જુગારધામ ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલની ટુકડીએ ત્રાટકી સવા લાખ રોકડા અને બે વાહનો સહિત બાર લાખથી વધુનો મુદામાલ કબ્જે કરી નવ શખ્સોની ધરપકડ કરી હતી. ઝડપાયેલાઓમાં રાજકોટ, અમદાવાદ, ચોટીલા પંથકના શખ્સો સામેલ છે. વધુ વિગતો જોઇએ તો ડીવાયએસપી કે. ટી. કામરીયાની ટીમના પીએસઆઇ કે.એચ.જનકાંતની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા કામે લાગી હતી ત્યારે મળેલી બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. જુગારધામના મુખ્ય સુત્રધાર તરીકે કુવાડવાના ઇરફાન દિવાનનું નામ ખુલ્યુ.હતું. જો કે તે હાથમાં આવ્યો નહોતો.

સ્ટેટ મોનીટરીંગ સેલના હાથે ઝડપાયેલા નવ શખ્સોમાં જુગારનો અખાડો ચલાવનાર ભાવેશ રાધાકાંત ઝા (રહે. ૧૭૬-અંબીકાનગર, મેઘાણીનગર-અમદાવાદ), અખીલેશ



સાઢીપાલસિંહ રાજપુત (રહે. મેઘાણીનગર અમદાવાદ), ભુપેન્દ્રસિંહ રામધ્યાનસિંહ રાઠોડ (રહે. મેઘાણીનગર-અમદાવાદ), જનક કાળુભાઇ વિકમા (રહે. ખુશીનગર-૩ ચોટીલા થાન રોડ), જુગાર ચલાવનાર મુખ્ય આરોપી ઉમેદભાઇ બાબભાઇ ખાચર (રહે. ફાડદંગ, તા. જી. રાજકોટ)(ગ્રાહક), જયદીપભાઇ ઘુઘાભાઇ ખાચર (રહે. ખાટડી, ચોટીલા) (ગ્રાહક), સરાફખાન ઉર્ફે મુન્નાભાઇ હનીફખાન પઠાણ (રહે. રેલનગર, આવાસ યોજના, એ ૧૦૫) (ગ્રાહક), ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજુભા કનકભાઇ ખાચર (રહે. ૨૨-બાલાજી પાર્ક, કુવાડવા રોડ રાજકોટ) (ગ્રાહક) અને રવી ઉમેદભાઇ વિકમા (રહે. સાલેખડા, તા.ચોટીલા, જી. સુરેન્દ્રનગર) (ગ્રાહક) નો સમાવેશ થાય છે.

આ તમામ અહિ કેટલા સમયથી આવતા હતાં? બીજા કોણ કોણ આવતાં હતાં? કેટલા સમયથી આ રીતે જૂગાર રમાડવામાં આવતો હતો? તે સહિતની વિગતો સુત્રધાર પકડાયા બાદ બહાર આવશછે.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ધાણાની આવકના શ્રીગણેશ

### ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનની સૌ પ્રથમ ધાણાની આવક થતા હરાજીમાં મુહૂર્તના ભાવ રૂ. ૩૫૦૦૧/- બોલાયો





રાજકોટ મિરર, ગોંડલ તા.૩૦

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીઓની આવકથી ઉભરાતું હોય છે ત્યારે આજે ગોંડલ યાર્ડમાં સિઝનની સૌ પ્રથમ ધાણાની આવક જોવા મળી હતી. યાર્ડમાં ૩૦ કિલો નવા ધાણાની આવકના શ્રી ગણેશ કરવામાં આવ્યા હતા. હરાજીમાં મુહૂર્તના નવા ધાણાના ૨૦ કિલોના ભાવ રૂ.૩૫૦૦૧/- બોલાયો હતો.

જસદણ તાલુકાના સાંણથલી ગામના ખેડૂત મધુભાઈ રાદડિયા ૩૦ કિલો નવા ધાણા લઈ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચ્યા હતા. અને વહેલી સવારે નવા ધાણાની પૂજન વિધિ કરી શ્રીફળ વધેરી હરાજી શરૂ કરવામાં આવી હતી. યાર્ડમાં ગોલ્ડન એગ્રી નામની પેઢી ધરાવતા સોહિલભાઈ કોટડીયા નામના વેપારી દ્વારા નવા ધાણાની ઊંચી બોલી લગાવી રૂ. ૩૫૦૦૧/- ખરીદી કરી હતી. હરાજીમાં ઉપસ્થિત લોકોએ ખેડૂત અને વેપારીના મોં મીઠા કરાવ્યા હતા.

યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ ''રાજકોટ મિરર''જણાવ્યું હતું કે ગોંડલ યાર્ડમાં આજે સિઝનની સૌ પ્રથમ ધાણાની આવક કરવામાં આવી હતી. જસદણ તાલુકાના સાંણથલી ગામના ખેડૂતે આગોતરા ધાણાનું વાવેતર કર્યું હતું અને પહેલો વકલ તૈયાર થતા તેઓ નવા ધાણા લઈને યાર્ડમાં આવ્યા હતા. તેઓને હરાજીમાં ઓપનિંગ ભાવ રૂ. ૩૫૦૦૧ મળ્યા હતા.

પરંતુ રેગ્યુલર નવા ધાણાની આવક તો ફેબ્રુઆરી આસપાસમાં થતી હોય છે. સમગ્ર ભારતમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડ ધાણાની આવકમાં નંબર વન ઉપર આવે છે.

સમગ્ર દેશના વેપારીઓ, સ્ટોકીસ્ટો ધાણાની ખરીદી માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે. ૬૦થી વધુ દેશોમાં જે મસાલા એક્સપોર્ટ થતા હોય તેમાં પણ ગોંડલના ધાણાનો ઉપયોગ થતો હોવાનું કહેવાય અને મનાય છે.

**(ફોટો : કુલદીપસિંહ જાડેજા )**

# બે યુવાન-વૃદ્ધ ઘરેથી ગૂમ થતા પરિવારજનો હેરાન પરેશાન

### ભારતનગરનો યુવાન ગૂમ થયો પણ કોઈ યુવતીને ભગાડી ગયાની બહાર આવતી વિગતો : શ્યામનગરનો યુવાન કરજ વધી જતા ભેદી રીતે થયો ગૂમ : માનસિક અસ્થિરતાથી ગોકુલપાર્કના વયોવૃદ્ધ ગૂમ

રાજકોટ મિરર, તા.૩૦

શહેરમાંથી આજે જુદાજુદા ત્રણ વિસ્તારોમાંથી બે યુવાન અને એક વૃદ્ધ ગૂમ થયાની પોલીસમાં જાણ કરવામાં આવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બાબતે મળતી વિગતો મુજબ ભારતનગરમાંથી શહેરના ભાવનગર રોડ ઉપર ભારત નગર શેરી નંબર એકમાં રહેતા ભાવેશ જગાભાઈ રાઠોડ નામનો ૨૪ વર્ષનો પરણીત યુવાન ગુમ થયાની થોરાળા પોલીસમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ છે.

ગુમ થનાર પુત્ર ભાવેશભાઈ બાબતે પિતા જગાભાઈ રાઠોડએ પોલીસ સ્ટેશનમાં જાહેરાત કરી છે કે ભાવેશ મધ્યમ બાંધાનો અને ઘઉં વર્ણનો છે ૫.૬ ઇંચ ઊંચાઈ ધરાવે છે. ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરેલો છે તેમજ પરિણીત છે. ઘરેથી નીકળ્યો ત્યારે કાળા કલરનો કોટ તેમજ બ્લુ કલરનું જીન્સ પહેરેલ છે. એક મહિનાથી ગુમ થયેલા મોટા પુત્ર ભાવેશ બાબતે પિતા જગાભાઈ દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ત્રણ વર્ષથી ભાવેશના લગ્ન થયા છે.

સંતાનમાં કોઈ બાળકો નથી. બીજી બાજુ પોતાનો પુત્ર ખાટડી ગામને એક યુવતીને ભગાડી ગયો હોવાનું તેઓને જાણમાં આવ્યું છે. પરિણામે યુવતીના વાલીઓ પોતાના ઘરે આવીને એનકેન પ્રકારે દીકરીને પરત આપવા માટે દબાણ કરી રહ્યા છે.

જગાભાઈ એ કહ્યું હતું કે પોતે ભારત નગર શેરી નંબર ૧૮ સંતોષી માના મંદિર પાસે રહે છે. છકડો રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે દીકરા અને બે દીકરી છે. જેમાં ભાવેશ પ્રથમ નંબરનો પુત્ર છે જગાભાઈ વધુમાં જણાવ્યું હતું કે ભાવેશ બાલાજી વેફરમાં નોકરી કરીને પોતાના પરિવારને ગુજરાનમાં મદદ કરી રહ્યો છે. જ્યારે કદાચ તે જ જગ્યાએ નોકરી કરતી એક યુવતી સાથે તે નાસી ગયાનું તેઓની જાણમાં આવ્યું છે. હાલ મોટો દીકરો અચાનક આવી રીતે પગલું ભરીને ગુમ થઈ જતા રાઠોડ પરિવાર ભયભીત બનીને ચિંતામાં ગરમ થઈ ગયો છે. ભાવેશના ગુમ થયાની જાહેરાત બાદ થોરાળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી.સી. મકવાણા એ ધોરણસરની કાર્યવાહી વચ્ચે ભાવેશની શોધખોળ આદરી છે.

અન્ય બે વ્યક્તિ ગુમ થયાની ઘટનામાં નાના મૌવા, શ્યામનગર શેરી નં. ૩માં રહેતા રાજેશ ગોવિંદ ચલુડીયા (ઉં. વ.૪૦) કોઈ કારણોસર પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ગુમ થતા નગર પોલીસ સ્ટેશનમાં જાણ કરાવી છે. તેમના પુત્ર મંથને જણાવ્યું હતું કે, કરજ વધી જતા અને લેણદારોના ત્રાસથી તેમના પિતા પરિવારને છોડીને ક્યાંક ચાલ્યા ગયા છે.

જ્યારે ગોકુલ પાર્ક સામે, જય પાર્ક-૧, કોઠારીયા રોડ રહેતા રમણીકભાઈ કડવાભાઈ વરુ નામના ૭૦ વર્ષના વૃદ્ધ માનસિક બીમારીના કારણે ઘરેથી તા. ૨૧.૯.૨૦૨૪ ના રોજ ગુમ થયાની તેમના પુત્ર વિપુલભાઈ રમણીકભાઈ વરુએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે.

# મેટોડામાં ડીજીટલ મોબાઈલની મુલાકાત લેતા આગેવાનો




રાજકોટ મિરર, ખીરસરા : ૧૦૦ દિવસ ટીબી કમ્પેઇન અંતર્ગત સમર્પણ વિધાલય મેટોડા જીઆઇડીસીમાં આવેલ ડીજીટલ મોબાઈલ એક્સરે વેનની મેટોડા ગામના ઉપસરપંચ તેમજ તાલુકા ભાજપ મહામંત્રી દિલીપભાઈ કુગસીયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ટીબી સુપરવાઇઝર હાર્દિકભાઈ પંડ્યા, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સીમાબેન ગોરીયા ૠઇ.ઠ રીનાબેન મેવાડા ખ.ડ.ઇ.ઠ.હાર્દિકભાઈ ભટ્ટ તથા આશા બહેનો દ્વારા સહારનીય કામગીરી કરવામાં આવી હતી.

**(ફોટો : ભીખુપરી ગોસાઈ**

# ચુનારાવાડમાં જૂના મનદુ:ખનો ખાર રાખી પિતા-પુત્ર ઉપર ત્રણ શખ્સોનો હુમલો

### ઈજાગ્રસ્ત પિતા-પુત્રને ખસેડાયા હોસ્પીટલમાં : રસુલપરામાં યુવાન પર ત્રણ શખ્શનો તલવારથી હુમલો

રાજકોટ મિરર, તા.૩૦

શહેરમા ચુનારાવાડ વિસ્તારમા એક મહિના પહેલા થયેલી મારામારીનો ખાર રાખી પિતા - પુત્ર ઉપર ૩ શખ્સોએ હુમલો કરતા ઈજાગ્રસ્ત પિતા - પુત્રને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા.

મળતી વિગતો મુજબ ધીરૂભાઇ કરનભાઇ શિયાળ (ઉ.વ. ૫૨) અને તેનો પુત્ર બીપીન શિયાળ (ઉ.વ. ૨૪) રાત્રીના સમયે ચુનારાવાડ વિસ્તારમા હતા ત્યારે નિખીલ ગુજરીયા, કાનો ગુજરીયા અને ભાવેશ ગુજરીયા સહીતના શખ્સોએ ધારીયા વડે હુમલો કર્યો હતો.

ઘવાયેલા પિતા - પુત્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરાયા હતા.



પ્રાથમીક પુછપરછમા હુમલાખોર નિખીલ ગુજરીયાએ એક મહીના પહેલા બીપીન શિયાળ પર બાઇક ચડાવી દીધુ હતુ. જે બોલાચાલીના સમાધાન માટે બોલાવી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામા આવ્યો હતો.

જ્યારે બીજા બનાવમા કોઠારીયા સોલવન્ટમા આવેલા રસુલપરામા પાડોશી પરીવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારામારી થઇ હતી જેમા જાવીદ અબ્દુલભાઇ દલ (ઉ.વ. ૩૮) પર શબીર સોરા, પદીયો અને સાહીલ નામના શખ્સોએ તલવાર વડે હુમલો કર્યો હતો.

જયારે વળતા પ્રહારમા આરજુબેન શબીરભાઇ સોરા નામની ૨૦ વર્ષની યુવતીને જાહીદ દલે માર માર્યો હતો. ઇજાગ્રસ્ત યુવતી અને યુવાનને સારવાર માટે ખસેડાયા હતા બાદમા બંને પક્ષે સમાધાન થઇ ગયુ હોવાનુ જાણવા મળ્યુ છે.

## શુભ લગ્ન

### હલેન્ડા નિવાસી રામભાઈ જળુની સુપુત્રી ચિ. મહેશ્વરી– સુપુત્રો ચિ. દિવ્યેશ અને ચિ. પાર્થ ના ૧૯–૨૦મીએ શુભલગ્ન

**હલેન્ડા :** હલેન્ડા નિવાસી રામભાઈ બાવકાભાઇ જળુના સુપુત્રી ચિ. મહેશ્વરી સાથે પરાપીપળીયા નિવાસી વિક્રમભાઈ કાથડભાઈ મૈયડના સુપુત્ર ચિ. રાહુલના શુભલગ્ન તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ નિર્ધાર્યા છે. તેમજ તથા સુપુત્રો ચિ. દિવ્યેશના શુભ લગ્ન દરેડ નિવાસી કનુભાઈ જેઠુરભાઈ ગરૈયાની સુપુત્રી ચિ. દિવ્યા સાથે અને ચિ. પાર્થનાં ભાનુભાઈ જેઠુરભાઈ ગરૈયાના સુપુત્રી ચિ.સંગીતા સાથે તા.૨૦ના રોજ નિર્ધાર્યા છે. મુ. હલેન્ડા ઉમરાળી રોડ આહીર સમાજની વાડીમાં યોજનાર આ શુભ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તા.૧૭ના રોજ રાત્રે ૮:૦૦ કલાકે સાંજીના ગીત, તા.૧૮ના રોજ સવારે ૭:૩૦ કલાકે મંડપ મુહૂર્ત, રાત્રે ૯:૦૦ કલાકે રાસ ગરબા, ચિ. મહેશ્વરીના તા. ૧૯ના વહેલી સવારે જાન આગમન, સવારે ૧૦:૩૦ કલાકે હસ્ત મેળાપ ચિ. દિવ્યેશ તથા ચિ. પાર્થના તા.૨૦ના સવારે ૫ કલાકે જાન પ્રસ્થાન સવારે ૧૧ કલાકે હસ્ત મેળાપ છે. આ શુભ પ્રસંગે આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપવા જળુ પરિવારનો અનુરોધ છે.

### નાના મૌવા નિવાસી ઘનશ્યામસિંહ જાડેજાના સુપુત્રી ચિ. શિવાનીબાના ૨૩મીએ શુભલગ્ન

**રાજકોટ :** નાના મૌવા નિવાસી ઘનશ્યામસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજાના સુપુત્રી ચિ. શિવાનીબાના શુભ લગ્ન તા. ૨૩ ગુરૂવારના રોજ કારોલ નિવાસી હાલ રાજકોટ ગજેન્દ્રસિંહ નિર્મળસિંહ ઝાલાના સુપુત્ર ચિ. યશપાલસિંહજી સાથે નિર્ધાર્યા છે. કોકોનટ પાર્ટી, પ્લોટ ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડમા યોજનાર શુભ લગ્ન પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તા. ૨૩ના રોજ સવારે ૭:૦૦ કલાકે ગણેશ સ્થાપના, સાંજે ૪:૦૦ કલાકે સાંજીના ગીત, સાંજે ૬:૦૦ કલાકે વેલ આગમન, તા. ૨૪ને સવારે ૯:૦૦ કલાકે વેલ વિદાય છે. આ શુભ લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનો એ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપવા જાડેજા પરિવારનો અનુરોધ છે.

### રાજકોટ નિવાસી નંદલાલભાઈ ટુડિયાના સુપુત્ર ચિ. કરણના ૨૧મી એ શુભ લગ્ન

**રાજકોટ :** રાજકોટ નિવાસી નંદલાલભાઈ નાનજીભાઈ ટુડિયાના સુપુત્ર ચિ. કરણના શુભ લગ્ન તા. ૨૧ મંગળવારના રોજ સુરત નિવાસી રમેશભાઈ મનુભાઈ બાપોતરાના સુપુત્રી ચિ. કિંજલ સાથે નિર્ધાર્યા છે. રાજુ શ્રીંગાર પાર્ટી પ્લોટમાં યોજનાર આ શુભ લગ્ન પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તા. ૧૮ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સાંજે ના ગીત, તા. ૧૯ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મંડપ મુહૂર્ત, તા. ૨૦ને સવારે ૯:૩૦ કલાકે જાન પ્રસ્થાન, તા. ૨૧ ને સાંજે ૬:૩૦ કલાકે હસ્તમેળાપ છે. આ શુભ લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનો એ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપવા ટુડિયા પરિવારનો અનુરોધ છે.

# દેશળદેવનગર- કુવાડવામાં જુગાર દરોડા : ૧૧ ઝડપાયા



રૂ.૫૪,૧૫૦નો મુદ્દામાલ કબજે કરતી ગાંધીગ્રામ-કુવાડવા પોલીસ

રાજકોટ મિરર, તા.

ગાંધીગ્રામ અને કુવાડવા પોલીસે જુગારના બે દરોડા પાડી ૧૧ શખ્શને રૂ.૫૪,૧૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના દેશળદેવ નગર શેરી-૧ રામદૂત મકાનમાં કિશોર કુબાવત પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. આવી બાતમી મળતા ગાંધીગ્રામ પોલીસે જુગાર દરોડો પડતા ૬ શખ્શો પકડાઈ ગયા હતા.

જેમાં કિશોર રામદાસ કુબાવત (રહે. દેશળદેવ નગર શેરી નંબર, એક રામદૂત મકાન, સૌરાષ્ટ્ર કલાક કેન્દ્ર પાસે), ચિરાગ મહેશભાઈ ઉચદડીયા (રહે. દેવરામ શેરી, જીરાપા પ્લોટ, ન્યુ કોર્ટ પાસે તા.ઉપલેટા), ચિરાગ સુરેશભાઈ કટારીયા (રહે. તિરૂપતિ નગર શેરી નંબર ૩, માતૃછાયા મકાન રૈયા રોડ), દર્શન પ્રકાશભાઈ ત્રિવેદી (રહે. તિરુપતિ નગર શેરી નંબર ૩, ક્રિષ્ના એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૧૦૨ રૈયા રોડ), વિજય મનસુખભાઈ ગોહેલ (રહે. તિરૂપતિ નગર શેરી નંબર ૭, શ્રીકૃષ્ણ કૃપા મકાન, રૈયા રોડ), ગૌરવ ઘનશ્યામભાઈ નંદાણી રાઠોડ (રહે. તિરૂપતિ નગર શેરી નંબર ૩ જલિયાણ મકાન રૈયા રોડ)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જ્યારે કુવાડવા પોલીસે કુવાડવા ગામ સ્મશાન પાસે જૂગાર રમતા પાંચ શખ્સો સહિત રૂ.૪૧૫૦૦ના મુદામાલ સાથે પકડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી. જેમાં પ્રેમજી કરમશીભાઈ અઘોલા (રહે. કુવાડવા ગામ, શક્તિ હોટલ સામે, હુડકો ક્વાર્ટર), ભરત રણછોડભાઈ મારવાણીયા (રહે. કુવાડવા ગામ, મસ્જિદની બાજુમાં), ભુપત સંગ્રામભાઇ બહુકિયા (રહે. કુવાડવા ગામ કોળી વાસ), રણછોડ ભગાભાઈ આબસણીયા (રહે. કુવાડવા ગામ મેઈન રોડ, શક્તિ હોટલ ની બાજુમાં), લાખા કર્ણાભાઈ લામકા (રહે. કુવાડવા ગામ, સદભાવના હોસ્પિટલ બાજુમાં)નો સમાવેશ થતો પોલીસે જણાવ્યું હતું.

### કારણ નાના મોટા હોય છે હથીયાર હાથમાં આવે એ હોય છેઃ એક બીજા પર તૂટી પડવાના બનાવોનો રાફડો ફાટ્યો

# બટાઝટીની પાંચ ઘટનાઓઃ બાપ-બેટા સહિત આઠ થયા લોહીલુહાણ

**ચુનારાવાડમાં જુના ડખ્ખાનું સમાધાન કરવા બોલાવી પિતા-પુત્ર પર ટોળકી તૂટી પડીઃ મોરબી રોડ પર ફરિયાદ પાછુ ખેંચવાનું કહી ટાયરના ધંધાર્થી પર ત્રિણુટીનો હુમલોઃ રસુલપરામાં ફોનના ચાર્જર મામલે પડોશીઓ બાખડ્યાઃ ચોથા બનાવમાં સ્પાના સંચાલક પર ધારીયાથી ઘા થયાઃ પાંચમી ઘટનામાં દર્શન કરવા મામલે બે ભાઈઓ પર હુમલો**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૩૦**

શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં રોજ બરોજ નાના મોટા કારણોસર ધોકા, પાઇપ, છરી, તલવાર કે પછી હાથમાં આવે એ હથીયારથી મારામારી થતી રહે છે. ક્યારેક તો કોઇ પાણકાનો પણ બેફામ ઉપયોગ કરી નાખે છે. મારામારીની આવી વધુ બે ઘટનાઓ સામે આવી હતી. જેમાં બાપ-બેટા સહિત ત્રણ લોકો ઘાયલ થઇ ગયા હતાં. બંને ઘટનામાં જુના મનદુઃખ કારણભુત હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હુમલાખોરોને પકડીને કાયદાનું ભાન કરાવવા કાર્યવાહી હાથ ધરી હતી. ત્રીજી ઘટનામાં પડોશીઓ વચ્ચે મોબાઇલ ફોનનું ચાર્જર માગવા મામલે તલવાર, છરીથી મારામારી થતાં બે ઘાયલ થયા હતાં. ચોથી ઘટનામાં સ્પાના સંચાલક પર પરિચીતો જ ધારીયાથી તૂટી પડ્યા હતાં. પાંચમી ઘટનામાં મંદિરે દર્શન કરવાના ડખ્ખામાં બે સગા ભાઇઓ પર હુમલો થતાં એકના હાથ-પગ ભાંગી ગયા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરના ભાવનગર રોડ પર ચુનારાવાડ રાજમોતી મીલ પાસે રહેતાં ઇમિટેશનના ધંધાર્થી ચોવીસ વર્ષના બિપીન ધીરૂભાઇ સરીયા અને તેના પિતા બાવન વર્ષના ધીરૂભાઇ કરસનભાઇ સરીયા ઉપર રાતે સાડા દસેક વાગ્યે ઘર નજીક ચુનારાવાડ ચોક પેટ્રોલ પંપ પાસે નિખીલ ગુજરીયા, કાનો ગુજરીયા, ભાવેશ ગુજરીયા અને અજાણ્યાએ ધોકા-ધારીયાથી હુમલો કરતાં બંનેને ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. હોસ્પિટલના બિછાને પહોંચેલા બિપીન સરીયાએ જણાવ્યું હતું કે અગાઉ નિખીલ રસ્તા પર મારી સામે ટુવ્હીલર લઇને આવી ગયો હોઇ તેને ધ્યાન રાખવાનું કહેતાં બોલાચાલી ઝઘડો થયો હતો. આ બાબતે રવિવારે ફરીથી નિખીલે બોલાચાલી કરી હોઇ તેને મેં શું વાંધો છે? તેમા કહેતાં ઝઘડો થયો હતો.

ત્યારબાદ સમાધાનની વાતચીત કરવાના બહાને મને ચોકમાં બોલાવી ફરી ડખ્ખો કરવામાં આવતાં મેં મારા પિતાને બોલાવી લીધા હતાં. એ પછી નિખીલ સહિતનાએ ટોળકી રચી હુમલો કર્યો હતો. બિપીને કહ્યું હતું કે તેના પિતા ધીરૂભાઇ પણ ઇમિટેશનનું કામ કરે છે.






ડખ્ખાની બીજી એક ઘટનામાં મોરબી રોડ સોહમનગરમાં રહેતાં જુના ટાયરના વેપારી યુવાનને રસ્તા પર આંતરી ત્રણ શખ્સોએ છરી, પાઇપથી હુમલો કરી માર મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં સારવાર માટે દાખલ થયો છે. જુની ફરિયાદ પાછી ખેંચવાનું કહી આ ડખ્ખો કરાયો હતો. આ મામલે બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ સોહમનગર-૧માં રહેતાં અને જુના ટાયર લે-વેંચનો વેપાર કરતાં ચોત્રીસ વર્ષના પ્રકાશભાઇ ભરતભાઇ સાગઠીયાની ફરિયાદ પરથી મોરબી રોડ ચામડીયા પરા હસનેન મસ્જીદ પાસે રહેતાં સાજીક ઉર્ફ સાજુ ઓમસાણભાઇ બાવંકા, ફિરોઝ ઉર્ફ ગણેશ જમાલભાઇ બાવંકા, યુસુફ ઉર્ફ બેગડ જમાલભાઇ બાવંકા વિરૂધ્ધ ગુનો હુમલો, એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

પ્રકાશભાઇએ જણાવ્યું હતું કે હું જુના ટાયરનો ધંધો કરુ છું. રવિવારે ઘરેથી એક્ટીવા લઇ કુટુંબી કાકા હંસરાજભાઇની દુકાન કે જે મોરબી રોડ સીટી સ્ટેશન પાસ છે ત્યાં જતો હતો ત્યારે રસતામાં સાજુ ગણેશ, બેંગડે મને ઉભા રાખી તે જે ફરિયાદ કરી છે તે પાછી ખેંચી લે, સમાધાન કરી નાખત તેવુ કહેતાં મેં ફરિયાદ પાછી ખેંચવાની ના પાડી હતી અને મારા બહેન કોમલબેનના ઘરે જતો રહ્યો હતો. ત્યાંથી પંદરેક મિનીટ બાદ હું મારા ઘરે જવા નીકળતાં જુના મોરબી રોડ સીટી સ્ટેશન પાસે વીસામા નજીક મને ફરીથી સાજુ ગણેશ, બેંગડે ઉભો રાખ્યો હતો. સાજુ પાસે તલવાર અને ગણેશ પાસે છરી તથા બેગડે પાસે પણ છરી હતી.

આ ત્રણેયએ મને માર મારી પછાડી દીધો હતો અને રોડ પર ઢસડ્યો હતો. આ કારણે ડાબા હાથે કોણી છોલાઇ ગઇ હતી. તેમજ મને પેટના ભાગે છરીનો છરકો લાગી ગયો હતો. અજાણ્યાએ મને પાઇપ વાંસામાં ફટકારી દીધો હતો. જેથી હું બેભાન થઇ ગયો હતો. માણસો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. એ દરમિયાન મારી બહેન આવી જતાં અને માણસો ભેગા થઇ જતાં ૧૦૮ આવી જતાં સારવાર માટે ખસેડ્યો હતો. અગાઉ સાજુ મારા ઘર પાસે ગાળો બોલતો હોઇ ના પાડતાં તેણે મારામારી કરી હોઇ તેની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ પાછી ખેંચવાનું કહી ફરીથી હુમલો કરાયો હતો. બી-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શનમાં એમ. એન. પીઠીયાએ ગુનો દાખલ કર્યો હતો.મારામારીના ત્રીજા બનાવમાં કોઠારીયા સોલવન્ટ રસુલપરામાં રહેતાં જાહીદભાઇ અબ્દુલભાઇ દલ નામના આડત્રીસ વર્ષના યુવાન પર પડોશી શબ્બીર, પદીયો, શાહીદ સહિતે તલવારથી હુમલો કરતાં ઇજા થઇ હતી. સામા પક્ષે શબ્બીરભાઇ સોરાની દિકરી આરઝુ પણ પોતાના પર જાહીદભાઇએ ધારદાર વસ્તુથી હુમલો કર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી. મોબાઇલ ફોનનું ચાર્જર માંગવા બાબતે પડોશીઓ બાખડી પડ્યા હતાં. આ મામલે હોસ્પિટલ પોલીસ ચોકી દ્વારા આજીડેમ પોલીસમાં નોંધ કરાવવામાં આવી હતી. જો કે બંને પડોશીઓએ ઘરમેળે સમાધાનનો રસ્તો અપનાવી ફરિયાદ દાખલ કરાવવાનું ટાળી દીધુ હતું.

ચોથી ઘટનામાં મોરબીના મહેન્દ્રનગરમાં રહેતાં યુવાન પર તે રાતે ઢુવા ચોકડીએ માટેલ રોડ પર આવેલા પોતાના બબલી સ્પા ખાતે હતો ત્યારે તેના જ મિત્રો, પરિચીતોએ ઝઘડો કરી ધારીયાથી હુમલો કરી ઇજાઓ પહોંચાડતાં સારવાર માટે રાજકોટ ખસેડાયેલ છે. મહેન્દ્રનગરમાં રહેતો પાંત્રીસ વર્ષનો જીવણભાઇ બચુભાઇ ચાવડા નામનો યુવાન રાતે ઢુવા ચોકડીએ દલવાડી હોટેલ-બબલી સ્પા ખાતે હતો ત્યારે પ્રવિણ મનસુખભાઇ, અમિત સારલા અને અજાણ્યાએ ઝઘડો કરી ગાળો દઇ ધારીયાથી હુમલો કરતાં લોહીલુહાણ થઇ ગયો હતો. દેકારો થતાં

પાંચમી ઘટનામાં વાંકાનેરના ભીમગુડા ગામે રહેતાં બે ભાઇઓ પર ગામના જ શખ્સોએ માતાજીના મઢ નજીક ધોકા-પાઇપથી હુમલો કરતાં બંનેને સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. જેમાં એક ભાઇના હાથ-પગ ભાંગી ગયા છે. ઘાયલ પૈકીના એકનો દિકરો મઢે દર્શન કરવા ગયો ત્યારે તું અહિ શું કામ આવ્યો કહી માથાકુટ થતાં તેણે પિતા, કાકાને ફોન કરીને બોલાવતાં આ બંને પર હુમલો થયો હતો. વિગતો જોઇએ તો ભીમગુડા ગામે રહેતો ભરત કરમશીભાઇ વીંજવાડીયા નામનો યુવાન ગામમાં માતાજીના મઢે પ્રસંગ હોઇ પગે લાગવા અને પ્રસાદી લેવા ગયો ત્યારે ત્યાં હાજર કુટુંબીઓ સંજય નરસી, મેહુલ નરસી, મુકેશ નરસી સહિતે અહિ તારે આવવું નહિ, તું શું કામ આવ્યો કહી ઝઘડો કરતાં ભરતે ફોન કરીને પોતાના પિતા સાઇઠ વર્ષના કરમશીભાઇ લક્ષ્મણભાઇ વીંજવાડીયા અને કાકા બાવન વર્ષના કરસનભાઇ લક્ષ્મણભાઇ વીંજવાડીયાને બોલાવતાં આ બંને આવતાં તેના પર ધોકા-પાઇપના ઘા થયા હતાં. જેમાં કરસનભાઇનો એક હાથ અને એક પગ ભાંગી ગયો હતો. જ્યારે કરમશીભાઇને માથામાં ઇજા થઇ હતી. વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. લોકો ભેગા થઇ જતાં આરોપીઓ ભાગી ગયા હતાં. નજીવી બાબતે બોલાચાલી થતાં હુમલો થયાનું જીવણભાઇએ કહ્યું હતું.

---

### મનપાની એકને ગોળ અને એક ને ખોળ જેવી નીતિ

# આયોજકોને ૩૧ની ઉજવણી માટે મળશે ફાયર FIRE-NOC

**જુના NOC અંગે વિભાગનું ભેદી મૌન :આ મુદ્દે કોઈ અધિકારી બોલવા પણ નથી તૈયાર**




રાજકોટ, તા. ૩૦
આજે ૩૧ની ઉજવણીના ભાગરૂપે શહેરમાં ઠેર ઠેર જગ્યાએ પાર્ટીનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આજે રાજકોટમાં આ અંગે કુલ સાત અરજીઓ ફાયર એનઓસી માટે આવી હતી જેમાંથી મહાનગરપાલિકા દ્વારા કુલ ચાર અરજીઓને મંજૂર કરવામાં આવી છે એટલે કે એનઓસી આપવામાં આવ્યું છે જ્યારે બાકી ત્રણ આયોજનમાં હજુ અગ્નિશામક ઉપકરણો લગાવવામાં આવ્યા ન હોવાનું જણાવ્યું હતું. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેના જણાવ્યા અનુસાર આજના દિવસમાં જે આયોજન માં આયોજકો ફાયરના સાધનો લગાડશે તેમને ફાયર એનઓસી આપી દેવામાં આવશે. આપ અહીં પૂરી થતી નથી કારણ કે રાજકોટના ઘણા ખરા હાયરાઈઝ બિલ્ડિંગોના કામ અટકીને ઉભેલા છે કારણકે જે ફાયર એનઓસી મળવું જોઈએ તે મળતું નથી અને ગોળ ગોળ જવાબ આપીને ફાયર વિભાગના અધિકારીઓ કામને ટલ્લે ચડાવે છે.

હાલ જે સ્થિતિ ઊભી થઈ છે તેને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી કે અત્યારે મહાનગરપાલિકાની વૃદ્ધિ એકને ગોળ અને એક ને ખોળ જેવી છે. એક જ દિવસના ૩૧ ડિસેમ્બરના આયોજન માટે કોઈપણ આયોજકો ફાયર એનઓસી માટેની અરજી કરશે તો તેમને ફાયર એનઓસી આપી દેવામાં આવશે તેવું સ્પષ્ટ વલણ ઈન્ચાર્જ ઓફિસર દાખવી રહ્યા છે પરંતુ જે બિલ્ડીંગોના કામ અટકેલા પડેલા હોય તેમને હજુ પણ ફાયર એનઓસી મળ્યું નથી આ માટે ગાંધીનગર ખાતે પણ રજૂઆતો કરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. આ અંગે રાજ્ય સરકારની સાથોસાથ મહાનગરપાલિકાને પણ એક નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવેલી છે ત્યારે મહત્વનું એ છે કે જે પેન્ડિંગ પડેલા કામો છે તેને ઝડપભેર પૂર્ણ કરવામાં આવે.

---

# સની પાજી ધાબાની જમીન રહેણાંક હેતુની નીકળતા પાઠવી શરત ભંગની નોટિસ

**તાકીદે કલેકટર નક્કર પગલા લ્યે તેવું સૂત્રોનું માનવું**

**૮૦૦ ચોરસ મીટરમાં ઊભું કરવામાં આવ્યું હતું દબાણ**

રાજકોટ, તા. ૩૦
જામનગર રોડ પર આવેલા સની પાછી ધાબા કે જે સરકારી જમીન પર ખડકી દેવામાં આવી તેને લઈને તાલુકા મામલતદાર દ્વારા ડિમોલિશન માટેની નોટિસ આપવામાં આવી હતી જે અનુસંધાને ત્રણ દિવસ પહેલા જ શનિ પાછી ઢાબાના માલિકે પોતાની રીતે જ ઊભું કરેલું દબાણ દૂર કર્યું હતું પરંતુ હવે મળતી માહિતી મુજબ તાલુકા મામલતદાર દ્વારા જમીન શરત ભંગ નો રિપોર્ટ કલેક્ટરને કરવામાં આવ્યો છે ત્યારે કલેક્ટર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી પણ શક્યતાઓ જોવા મળી છે. મળતી માહિતી મુજબ જામનગર રોડ પર આવેલા સની પાજીકા ઢાબા દ્વારા જે ધાબો શરૂ કરવામાં આવ્યો તે જગ્યા સરકારી જમીન હોવાથી અનેક વિવાદો ઊઠવા પામ્યા હતા.

જે હોટેલ ઉભી કરવામાં આવી તેમાં પણ રહેણા ખેતુના પ્લોટ બનાવવામાં આવ્યા હતા એટલું જ નહીં રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા આ અંગે સ્થળ તપાસ પણ કરવામાં આવી હતી ત્યારે રેણા ખેતુના પ્લોટ પર ઊભું કરવામાં આવેલું અને દબાણ કરેલી હોટેલ હોવાનું બહાર આવતા કલેક્ટર વિભાગ એક્શન મોડમાં આવ્યું હતું. જેથી તેમની સામે શરત ભંગની કાર્યવાહી કરવા તાલુકા મામલતદાર એ કલેકટરને દરખાસ્ત પણ કરી હતી. કલેકટર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફાઝલ થયેલી રહેઠાણ હેતુ માટેની અલગ અલગ ત્રણ જેટલા પ્લોટ માં કોમર્શિયલ બાંધકામ ઊભું કરી દેવામાં આવતા તાલુકા મામલતદાર દ્વારા દબાણ દૂર કરવા અને શરદભંગ અંગેની નોટિસ પણ આપવામાં આવી હતી ત્યારે આ અંગેનો રિપોર્ટ હાલ કલેકટરને કરવામાં આવ્યો છે.

સૌથી મહત્વની વાત તો એ છે કે આટલા વર્ષોથી ધમધમતા આ ધાબામાં કેમ મામલતદારને અંતે જ ખ્યાલ આવ્યો કે જે ઢાબો ઉભો થયો છે તે સરકારી જમીન પર છે આ મુદ્દે એક નહીં અનેક પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

---

# લોકોના વિરોધથી મનપાના અનામત પ્લોટમાં અટક્યુ ફેન્સીંગ

**આવતા બે દિવસની અંદર ફરી વખત ટીપી વિભાગના અધિકારીઓ પ્લોટ સંભાળવા હાથ ધરશે કાર્યવાહી : ગત સાતથી આઠ માસની અંદર ૧૦૦ થી વધુ ઝૂંપડા ખડકાયા**



રાજકોટ, તા. ૩૦
છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકારના અને મહેસુલ વિભાગના આદેશ બાદ કલેકટર વિભાગ અને મહાનગરપાલિકા સંયુક્ત રીતે સરકારી જમીન પર ગેર કહી દે ઊભા થયેલા દવાઓને દૂર કરવા માટે હાલ ડિમોલિશનની કામગીરી ચલાવવામાં આવી રહી છે ત્યારે આ અંગે એક નહીં અનેકવિધ વિવાદો પણ ઉઠી રહ્યા છે જેમાં ગઈકાલે વોર્ડ નંબર ચાર મોરબી રોડ પર સરકારી જમીન અને મહાનગરપાલિકાના અનામત પ્લોટ પર છેલ્લા વર્ષોથી કાચા પાકા ઝુંપડાઓનું દબાણ હટાવવા મહાનગરપાલિકાની ટીમ સતત કાર્ય કરી રહી છે ત્યારે ફરી એક વખત ગઈકાલે અધિકારીઓ આપ લોટને ફેન્સીંગ કરવા પહોંચ્યા હતા પરંતુ ત્યાં રહેતા લોકો દ્વારા માથાકૂટ કરવામાં આવી હતી અને ફેન્સીંગનું કામ ફરી એક વખત મુલતવી રાખવામાં આવ્યું હોવાનું હાલ તજજ્ઞ જણાવી રહ્યા છે.

બીજી તરફ મોરબી રોડ પર જે પરિવારો વસવાટ કરે છે મહાનગરપાલિકાના પ્લોટ માં તે તમામ પરિવારો કલેકટર કચેરી ખાતે પણ રજૂઆત કરવા પહોંચ્યા હતા ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી બે થી ત્રણ દિવસની અંદર ફરી વખત જે દબાણ થયેલા છે તે પ્લોટ નો કબજો લેવા માટે જણાવવામાં આવ્યું છે કારણ કે મહાનગરપાલિકા ની આ સરકારી જમીન કરોડોની કિંમતની છે અને આ પ્લોટ અનામત હેતુનો પ્લોટ રહેલો છે. પરંતુ મહત્વની વાત તો એ છે કે સાત-આઠ વર્ષ થઈ ગયા અને જે રીતે દબાણો થવા લાગ્યા ત્યારે મહાનગરપાલિકા તંત્ર કેમ ન જાગ્યું જો પહેલા જ આ અંગે નકર કામગીરી કરવામાં આવી હોત તો આજે આ વિકટ પરિસ્થિતિ ઉભી ન થાત.

ગત સપ્તાહ માં મહાનગરપાલિકા ની ટીપી શાખા દ્વારા અનેક જગ્યાઓ પર ડિમોલિશન કરવામાં આવ્યું હતું અને તે સમયે જ પરિવારો કામગીરીને અટકાવવા આડે આવી ગયા હતા ત્યારે ફરી એક વખત ગઈકાલે અધિકારીઓ સ્થળ પર ગયા પરંતુ તે સમય પણ ટોળા એકઠા થઈ જતા ઝૂંપડા હટાવવાનું કામ મુલતવી રહી ગયેલું છે. ઈસ્ટ ઝોનના ઈન્ચાર્જ સીટી ઈજનેર શ્રીવાસ્તવ દ્વારા માહિતી મળી છે કે તેમની ટીમ ગઈકાલે અનામત હેતુના પ્લોટ માટે ફરતે ફેન્સીંગ કરવા પહોંચ્યા હતા પરંતુ લોકોનો વિરોધ વ્યાપક પ્રમાણમાં હોવાના કારણે ગઈકાલે તે કામ શક્ય બન્યું નથી પરંતુ આવગામી બે દિવસ બાદ ફરી પ્લોટનો કબજો લેવા કામગીરી કરવામાં આવશે.

મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ વિસ્તાર ઝડપથી વિકાસ પામી રહ્યો છે ત્યારે જુના જકાતનાકાથી વેલનાથ પરા તરફના બ્રિજના રસ્તે અને એક જગ્યા ઉપર દબાણો જોવા મળે છે જેને હટાવવા ટૂંક સમયમાં જ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર કાર્ય કરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## વર્ષો વીતી જાય છતાં તંત્ર કેમ કામ ન કરે તેને લઈ અનેક પ્રશ્નો

રાજ્ય સરકાર તરફથી જે આદેશો પ્રસિદ્ધ થયા અને જિલ્લા કલેકટર ની સાથો સાથ તારીખ પ્રશાસનને સરકારી જમીન પર ખડકાયેલા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે તાકીદ કરી તે બાદ જે ચોકાવનારી વિગતો સામે આવી છે તેને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે રાજકોટ સહિત રાજ્યના અનેકવિધ શહેરોમાં ગેરકાયદે દબાણોનો ખડકલો થયો છે ત્યારે આ તંત્રને ખ્યાલ હોય છતાં પણ તેમના દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી પરિણામ સ્વરૂપે ખૂબ વધુ સમય માટે આ દબાણોમાં વૃદ્ધિ થતી હોય છે હાલ જે પરિસ્થિતિ રાજકોટના વોર્ડ નંબર ચારમાં ઊભી થઈ છે તેને લઈને તજજ્ઞોનું માનવું છે કે જો આ અંગે મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા હોત તો આજે આ દિવસ જુઓ ન પડત પરંતુ ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જે નક્કર કામગીરી થવી જોઈએ તે થતી નથી ઊલટું લોકોને હેરાન વધુ થવું પડે છે.